



# બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ - સુરત

## નવસર્જન

ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ- સુરત
જૂની RTO., પાસે રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૧



NAVSARJAN
CHD

# નવસર્જન

## ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ, સુરત

## બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ - સુરત

NAVSARJAN XCHD

**નવસર્જન**

ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ, સુરત

જૂની RTO ની બાજુમાં, રિંગ રોડ, સુરત.

## Table of Contents


1. નવસર્જન વિશે ... 6

1.1. દ્રષ્ટી – કલ્પના : ... 6

1.2. ઉદ્દેશ અને લક્ષ્ય : ... 6

1.3. રણનીતિ: ... 6

નવસર્જનનો મુખ્ય હાર્દ: ... 7

2.પ્રસ્તાવના: ... 8

2.1 સ્થળાંતરનો અર્થ ... 8

2.2 સ્થળાંતરના કારણો ... 8

૧. **સ્થળાંતર માટે દબાણ કરતા પરિબળો** : ... 9

૨. **સ્થળાંતર માટે આકર્ષતા પરિબળો** : ... 9

2.3 **સ્થળાંતર પ્રક્રિયા**: ... 9

3. ભારતમાં સ્થળાંતરનું પ્રમાણ ... 9

3.1 2011ની વસ્તીગણતરી મુજબ વસ્તી ... 10

**3.2** અનુસુચિત જનજાતિ વસ્તી 2011 ... 11

3.4 અનુસુચિત જાતિ 2011 ... 11

3.5 મુખ્ય ક્ષેત્રોમાં કુલ કામદારોમાં સ્થળાંતરિત કામદારોનો હિસ્સો ... 11

3.6 વ્યવસાયિક માળખાના કારણે ટુકા અને લાંબા ગાળાનું પુરૂષોનું સ્થળાંતર ... 12

4. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડ 2020 – 21 બજેટ ... 12

4.1 ગુજરાત સરકાર દ્વારા સ્થળાંતરીત બાળકોના શિક્ષણ સંદર્ભે કરવામાં આવેલ કાર્ય ... 14

5. સંશોધન પદ્ધતિ ... 14

5.1 અભ્યાસનું મહત્વ : ... 14

5.2 અભ્યાસના હેતુઓ : ... 14

5.3 સેમ્પલ સાઈઝ: ... 15

5.4 **માહિતી એકત્રીકરણ** ... 15

5.4.1 **પ્રાથમિક માહિતી** ... 15

5.4.2 **ગૌણ માહિતી** ... 16


NAVSARJAN XCHD

6. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન: ........ 16
6.1 બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોની સંખ્યા ........ 16
6.2 રાજ્ય પ્રમાણે સ્થળાંતર કરતા શ્રમિકોની સંખ્યા ........ 17
6.3 શ્રમિકોના કાર્ય વિભાજન (વ્યવસાય) ........ 18
6.4 શ્રમિકોનો ધર્મ : ........ 2
6.5 શ્રમિકોની જાતી ........ 2
6.6 શ્રમિકોના પુરાવા ........ 3
7. આર્થિક સ્થિતિ ........ 4
7.1 શ્રમિકોની વતનમાં જમીન : ........ 4
7.2 શ્રમિકોના નામ પર જમીન ........ 5
7.3 એકરમાં જમીન ........ 5
7.4 જમીન અન્ય વ્યક્તિને ભાડે કરવા આપે ........ 6
7.5 વાર્ષિક આવક ........ 6
8. બાંધકામ સાઈટ પરની માહિતી : ........ 7
8.1 કામના કલાક ........ 7
8.2 વેતનની ચુકવણી ........ 8
8.3 અન્ય કોઈ ભથ્થું આપવામાં આવે છે ........ 8
8.4 કોઈ લાભ આપવામાં આવે છે. ........ 1
8.5 સુરક્ષાના સાધનો ........ 1
8.6 બાંધકામ સાઈટ પર રહેતા ........ 2
8.7 બાળકો માટે અભ્યાસની વ્યવસ્થા ........ 3
9. સામાજિક સ્થિતિ ........ 3
9.1 કુલ સંખ્યા ........ 4
9.2 ઉંમર ........ 4
9.3 વૈવાહિક દરજ્જો ........ 2
9.4 સ્ત્રી પુરુષમાં શિક્ષણનું પ્રમાણ ........ 2
9.5 બાળકો માટે ઘોડિયાની વ્યવસ્થા ........ 3
9.6 શાળાએ ન જતા બાળકો ........ 4

NAVSARJAN XCHD

9.7 શાળા છોડેલા બાળકો ........ 5

10 તારણો: ........ 6

11. ભલામણો: ........ 8

12. પડકાર : ........ 9

13. બાંધકામ શ્રમિકો માટે યોજના અને મળવા પાત્ર સહાય ........ 10

14. સંદર્ભ સૂચી: : ........ 12

NAVSARJAN XCHD

# 1. નવસર્જન વિશે.........

**"બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦"** હેઠળ **"નવસર્જન, ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ"** ની સ્થાપના **મે ૧૯૮૬** માં કરવામાં આવી. ૧૯૮૬ થી હાલ સુધી **'સોસાયટી ઓફ જીસસ'** એટલે **'ઇસુ સંઘ'**, ગુજરાત પ્રાંતના નેજા હેઠળ નવસર્જન કાર્યરત છે. "નવસર્જન" આ સંસ્કૃત શબ્દનો અર્થ "નવું નિર્માણ "નવેસરથી નિર્માણ". નવસર્જન હમેશાં નવા વિચારો સાથે ઘણા બધા વિષયો પર સંશોધન કરતુ રહ્યુ છે.

## 1.1. દ્રષ્ટી – કલ્પના :

નવસર્જન એક એવા વિશ્વનું નિર્માણ કરવા પ્રયત્નશીલ છે જ્યાં ન્યાય, એકતા, સ્વાત્યંત્ર, બંધુતા, તથા શાંતિપ્રિય માનવીય સમાજ વસેલો હોય. સાથે-સાથે દરેક વ્યક્તિ/નાગરિકને પોતાનીરીતે ગુણવત્તાસભર સક્ષમ થવાની તક અને જગ્યા મળી રહે એવું વાતાવરણ સર્જાય.

## 1.2. ઉદ્દેશ અને લક્ષ્ય :

૧.) સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો /લોકો, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો જે નરમ લક્ષ્ય બને છે તેમનું - સંસ્કૃતિ, ભાષા, ધર્મ તથા જાતિ નિરપેક્ષ એવું, સર્વાંગી ઘડતર, ઉચ્છેર, સશક્તિકરણ તથા પ્રગતિ માટે કાર્યરત રહેવું.

૨.) સમાજમાં શોષિત અને છેવાડે છોડાયેલા સમુદાયો/લોકો અને અન્ય નાગરિકો કે જેમને રોજબરજોર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એવા સમુદાયોને પડતી મુશ્કેલીનો પર અભ્યાસ તથા સંશોધન કરી, સંશોધનના ઉકેલ પર રણનીતિની તૈયાર કરી સમાજ આગળ ધરવી. જેથી લોકો પોતાના પ્રશ્નોનું નિરાકરણ પોતે જ લાવી શકે તે માટે સતત કાર્યરત રહેવું.

3.) લોકસંગઠનો થકી લોકજાગૃતિ લાવવી અને ભારતના-બંધારણીય મૂળભૂત અને માનવીય હકકો માટે હિમાયત અને સમાજમાં સર્વાંગી પરિવર્તન લાવવા માટે પ્રયાસો કરવા.

## 1.3. રણનીતિ:

૧.) અમારો મુખ્ય પ્રયાસ સમુદાયો/લોકોને શિક્ષિત કરી સંગઠિત થવા ટેકો આપવો. તેમને ભારતીના-બંધારણીયના મૂળભૂત અને માનવીય હક્કો સંદર્ભે જાગૃત કરવા.

૨.) સમુદાયના પુખ્ત વયના લોકોમાં રહેલ જ્ઞાન/ ડાહપણ, આવડતો અને શક્તિઓને ઓળખી કાઢી યોગ્ય માર્ગદર્શન દ્વારા તેમનામાં રહેલ શક્તિઓની વૃદ્ધિ કરવી, જેથી ભવિષ્યની પેઢીનું સશક્તિકરણ થઈ શકે.

3) નવસર્જન સંસ્થા, લોકભાગીદારી, પારદર્શક આયોજન દ્વારા કરવામાં આવેલા અમલીકરણ થકી લક્ષ્ય પ્રાપ્તિના સિધ્ધાંતમાં માને છે. કોઈ પણ કાર્યમાં લોકો, કાર્યકર્તાઓ અને કર્મચારીઓને નિર્ણય

NAVSARJAN XCHD

પ્રક્રિયાની ચર્ચામાં સાંકળવામાં આવે, જેથી દરેક લોકો પોતાના મંતવ્યો આપે અને સર્વ સંમતિ સાથે નિર્ણયો લઇ લોકાભિમુખ વ્યવસ્થા સાથે રચનાત્મક કાર્યો કરી શકે.

## નવસર્જનનો મુખ્ય ધ્યેય:

શોષિત-પીડિત અને છેવાડાના સમુદાયો/લોકોને માહિતીમાંની શક્તિ, વહીવટી/ સંસ્થાકીય સત્તા અને પોતાના સમુદાયો/લોકો અને વિસ્તારની ઉન્નતિની પ્રક્રિયામાં ભાગ લેવાની તકો તક ઉભી કરાવી આપવી.

નવસર્જન અસંગઠિત ઝુંપડાવાસીઓને સંગઠિત કરી એકતા માટે કટિબદ્ધ કરે છે. નવસર્જન “સંગઠન શક્તિમાં વિશ્વાસ રાખે છે.

નવસર્જનની સ્થાપનાથી જ સતત ઝુંપડાવાસીઓને ખાસ કરીને બહેનોને વહીવટી જ્ઞાન, વહીવટની આવડત અને સશક્તિકરણ માટેની વિવિધ વિવિધ તાલોમો અને માર્ગદર્શન આપવાના પ્રયાસો રહ્યા છે. પરિણામે- આ બહેનો જાતે જ તેમના સંગઠનો/સંસ્થાનું સંચાલન સક્રિય રીતે કરી રહ્યા છે. તેમની સંગઠન વિશેની દ્રષ્ટી બદલાઈ જઈ વિશ્વાસ વધી રહ્યો છે. તેથી સંગઠનના કાર્યોમાં વધુને વધુ સહભાગી થઇ રહ્યા છે.

નવસર્જન સુરતના ઝૂપડપટ્ટી વિસ્તારોમાં કાર્યરત છે. ઝૂપડપટ્ટીના લોકો અનેક ગામડાઓ, શહેરો, અને રાજ્યથી સ્થળાંતરીત થઈ આ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં વસ્યા છે. મોટા ભાગે તેઓ અતિગરીબ/પછાત વર્ગ માંથી આવે છે. સ્થળાંતરિત લોકો શહેરમાં કામધંધા અર્થે આવી. અમુક લોકો સ્થાયી થઈ જાય છે, અમુક લોકો થોડા સમય માટે આવે રોજગારી માંથી થોડું કમાયા બાદ પોતાના મૂળ વતન પાછા ફરે છે. અમુક લોકો શહેરની આસપાસના ગામડા માંથી રોજ અપડાઉન કરે છે.

NAVSARJAN XCHD

## 2.પ્રસ્તાવના: Introduction

સુરત શહેર ગુજરાત રાજ્યમાં ભારતના પશ્ચિમ ભાગ પર સ્થિત એક શહેર છે. ઘણા દાયકા પહેલા સુર્યપુર નામથી આદિકાળમાં તાપી નદી કિનારે આ શહેર વસ્યુ હતું. સુરત શહેરમાં નાના મોટા વેપારનો સ્ત્રોત વધવા પામ્યા હતા. જુદી જુદી પ્રજાને શહેરમાં વેપાર કરવા માટે સ્થાન મળ્યું. સૌ પ્રથમ મુઘલોનું આગમન થયું, ત્યારબાદ પોર્ટુગીઝો, અંગ્રેજો, વલંદા, ડચ, ફ્રેન્ચ, અને આર્મેનિયનો પણ આવ્યા આવ્યા. 16 મી સદીના મુઘલકાળ દરમિયાન સુરત શહેર ભારતનું સમૃદ્ધ શહેર અને બંદર બન્યું હતું.

વલંદાઓ દ્વારા સુરત શહેરમાં કોઠી સ્થાપી. ઇ.સ. ૧૬૧૨માં અંગ્રેજોએ ભારતભરમાં સૌ પ્રથમ સુરતમાં વ્યાપારી કોઠી સ્થાપી. ઇ.સ. ૧૬૧૪માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીને વેપાર માટે હકો મળ્યા. મોગલ બાદશાહ અકબરે ઇ.સ. ૧૫૭૩ માં સુરતના કિલ્લા પર કબજો કર્યો હતો. મોગલયુગ દરમિયાન સુરતની વસ્તી, વિસ્તાર, વેપાર, અને જાહોજલાલીમાં ખૂબવધારો થયો. સુરત પશ્ચિમ ભારતનું મુખ્ય આંતરરાષ્ટ્રીય બંદર બન્યું. સુરત એ અમદાવાદ અને મુંબઈ વચ્ચેનું મુખ્ય કેન્દ્ર બિંદુ હતું. પ્રાચીનકાળથી જ સુરત ઔધોગિક અને વેપારની નગરી રહ્યું છે.

ભારતે અંગ્રેજોની હકુમત માંથી સ્વતંત્રતા મેળવ્યા પછીના સમયગાળા દરમિયાન સુરતની ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ થઈ. રહેણાંકનો વિકાસ, સંયુક્ત પ્રવૃત્તિઓ, કેન્દ્રીયકરણ, શહેરની હદમાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત શહેર જુદા જુદા ઉદ્યોગો વડે વિશ્વમાં પ્રચલિત થયું. સુરત હીરાના કટિંગ ફેક્ટરીઓ સહિત ૫૦૦૦ થી વધુ હીરા ઉત્પાદન એકમોનું ઘર છે. સુરત ડાયમંડ બિઝનેસ માટે જાણીતું હોવાથી ડાયમંડ સીટી તરીકે અને સિલ્ક કાપડ ઉધ્યોગનાં કારણે “ટેક્સટાઇલ સિટી” તરીકે ઓળખ ધરાવે છે. સુરત ઝડપથી જ્વેલરી પ્રોડક્શન હબ તરીકે ઉભરી રહ્યું છે. આ ઉદ્યોગોના પ્રમાણમાં સતત વધારો થતો રહ્યો છે. આ ઉદ્યોગોને વિશ્વમાં વિશિષ્ટ સ્થાન મળ્યું તેની પાછળ ખુબ મોટા શ્રમદળની મેહનત છે. સુરત શહેરમાં રોજિંદા હજારો લોકો કામની શોધમાં આવે છે. ગુજરાત પાંચ ઝોનમાં વિભાજન થયેલ છે. કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત. દરેક ઝોન પોત પોતાની ભૌગલીક વિવિધતાઓ ધરાવે છે.

### 2.1 સ્થળાંતરનો અર્થ

સ્થળાંતર એટલે વ્યક્તિ કે સમગ્ર જૂથના વસવાટના સ્થળમાં થતો ફેરફાર, અથવા એક સ્થળેથી બીજે સ્થળે થતી હેરફેર કે અવર જવરને સ્થળાંતર તરીકે ઓળખાવી શકાય.

પ્રો.વિદ્યુત જોષી સ્થળાંતરની વ્યાખ્યા આપતા લખે છે કે, **“એક કાયમી રહેઠાણ માંથી પર્યાપ્ત સમય માટે ઓછે વધતે અંશે અન્ય રહેઠાણમાં થતાં લોકોના કાયમી સંચરને સ્થળાંતર કહેવાય”**.

2.2 સ્થળાંતરના કારણો



NAVSARJAN XCHD

1. **<u>સ્થળાંતર માટે દબાણ કરતા પરિબળો</u>** : રોજગારીની તકોનો અભાવ, સલામતીનો અભાવ, ગુનાખોરીનું ઉચું પ્રમાણ, દુકાળ, પુર, ગરીબી, રાજકીય કે ધાર્મિક અત્યાચાર, મોટા પ્રોજેક્ટના નિર્માણને કારણે થતું વિસ્થાપન વગેરેનો સમાવેશ કરી શકાય.

2. **<u>સ્થળાંતર માટે આકર્ષતા પરિબળો</u>** : જેવા કે રોજગારી, યોગ્ય આબોહવા, ઉચું જીવન ધોરણ, કુદરતી આફતોનું ઓછું જોખમ, ઓછી ગુનાહ્ખોરી, રાજકીય, ધાર્મિક સલામતી, યોગ્ય આહાર વગેરેનો સમાવેશ થાય છે.

## 2.3 સ્થળાંતર પ્રક્રિયા:

સ્થળાંતર એ ખુબ જ વિશાળ વિભાગોમાં વહેચાયેલું છે જે કાયમી અને અર્ધ કાયમી રહેઠાણમાં બદલાવ સૂચવે છે. નવું સ્થળ જે જગ્યાએ લોકો અમુક સમયમાં કે કાયમી ધોરણે નવી જગ્યા પર સ્થિત થાય છે. સ્થળાંતરએ પ્રાણી અને માનવીના ઉત્પતિના સિદ્ધાંત જેવું છે. માનવીની ગતિશીલતા ખોરાકની શોધમાં, સુરક્ષિત વાતાવરણની શોધમાં, હાનીકારક વસ્તુઓથી શારીરિક સુરક્ષા જેવી બાબતોને લઈ લોકો સ્થળાંતર થતા રહે છે. ૧૯ મી અને ૨૦મી સદી સાથે ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને ઉદારીકરણના ઉદભવના કારણે લોકોના પરિવહનમાં વધારો થયો, સારી સુવિધાઓનો વિકાસ થયો, અલગ અલગ સંસ્કૃતિ સાથેનો પરિચય થયો. આ પરિવર્તનથી એક સમાજની સંસ્કૃતિમાં અન્ય સંસ્કૃતિની પણ ઝલક જોવા મળે છે. લોકો શહેરમાં આવી અન્ય લોકોની ભાષા બોલી, રીત રીવાજ, પોશાક, ખોરાક, રહેણીકરણીનું અનુકરણ કરે છે. લોકો પોતાની જીવનશૈલીમાં બદલાવ લાવે છે.

સ્થળાંતરીત લોકોનું શહેર વિકાસમાં મહત્વની ભૂમિકા રહેલી છે. તેઓ દિનરાત મહેનત કરી પોતાના કામને સમયસર પૂર્ણ કરે છે. જેથી તેમના કામના બદલે તેમને આપવામાં આવતા વેતનથી કુટુંબનું જીવન ગુજરાન કરે છે. ઓછી સુવિધામાં રહી પોતાની આર્થિક સ્થિતિમાં સુધાર લાવવા હમેશા પ્રયત્નશીલ રહે છે.

# 3. ભારતમાં સ્થળાંતરનું પ્રમાણ

ભારતમાં સ્થળાંતરનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. 1991 માં ભારતમાં સ્થળાંતરીતોનું પ્રમાણ 225.9 મીલીયન હતું જે વધીને 2001 માં 309.4 મિલિયન થયું હતું. 1991 અને 2001 ની વસ્તી ગણતરી વચ્ચે આંતર – રાજ્યસ્થળાંતર કરનારની સંખ્યામાં 55% નો વધારો થયો છે. 2001 અને 2011 ની વચ્ચેઆ ઘટીને 33% થઈ ગયો હતો. 2001 મુજબ ગુજરાતમાં કુલ સ્થળાંતરીતનું પ્રમાણ 18.81 મિલિયન હતું. જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 6.4 મિલિયન અને પુરુષોનું પ્રમાણ 12.34 મિલિયન હતું. સુરત શહેરમાં સ્થળાંતરીત વસ્તીનું પ્રમાણ વધી રહ્યું છે.

NAVSARJAN XCHD

## 3.1 2011ની વસ્તીગણતરી મુજબ વસ્તી

| વિગતો | 2011 | 2001 |
|---|---|---|
| વસ્તી | 60.81 લાખ | 42.76 લાખ |
| વાસ્તવિક વસ્તી | 6,081,322 | 4,275,540 |
| પુરુષ | 3,402,224 | 2,362,072 |
| સ્ત્રી | 2,679,098 | 1,913,468 |
| વસ્તી વધારો | 42.24% | 54.30% |
| વિસ્તાર ચો. કિમી | 4,549 | 4,549 |
| વસ્તી ઘનતા | 1,337 | 988 |
| ગુજરાતની વસ્તીનું પ્રમાણ | 10.06% | 8.44% |
| જાતિ પ્રમાણ (પ્રતિ 1000) | 787 | 810 |
| બાળ જાતિ ગુણોત્તર (0-6 વય) | 835 | 859 |
| સરેરાશ સાક્ષરતા | 85.53 | 77.62 |
| પુરૂષ સાક્ષરતા | 89.56 | 83.83 |
| સ્ત્રી સાક્ષરતા | 80.37 | 69.87 |
| કુલ બાળકોની વસ્તી (0-6 વય) | 736,286 | 600,664 |
| પુરૂષ વસ્તી (0-6 વય) | 401,315 | 323,158 |
| સ્ત્રી વસ્તી (0-6 વય ) | 334,971 | 277,506 |
| સાક્ષરતા | 4,571,410 | 2,852,340 |
| પુરૂષ સાક્ષરતા | 2,687,468 | 1,709,305 |
| સ્ત્રી સાક્ષરતા | 1,883,942 | 1,143,035 |
| બાળકોનું પ્રમાણ (0-6 વય) | 12.11% | 14.05% |
| છોકરાઓનું પ્રમાણ (0-6 વય) | 11.80% | 13.68% |
| છોકરીઓનું પ્રમાણ (0-6 વય) | 12.50% | 14.50% |

સ્ત્રોત : https://www.census2011.co.in/census/district/206-surat.html

NAVSARJAN XCHD

## 3.2 અનુસુચિત જનજાતિ વસ્તી Scheduled Tribe Population - Census 2011

| રાજ્ય | કુલ | વસ્તી | પુરુષ | સ્ત્રી | બાળક(0-6 ) | સાક્ષરતા | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|
| ભારત | 21,511,528 | 104,545,716 | 52,547,215 | 51,998,501 | 16.01% | 58.95% | 990 |
| ગુજરાત | 1,699,510 | 8,917,174 | 4,501,389 | 4,415,785 | 15.85% | 62.48% | 981 |

સ્રોત : **https://www.census2011.co.in/scheduled-tribes.php**

## 3.4 અનુસુચિત જાતિ Scheduled Castes Population - Census 2011

| રાજ્ય | કુલ | વસ્તી | પુરુષ | સ્ત્રી | બાળક(0-6 ) | સાક્ષરતા | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|
| ભારત | 41,694,863 | 201,378,372 | 103,535,314 | 97,843,058 | 14.50% | 66.07% | 945 |
| ગુજરાત | 817,281 | 4,074,447 | 2,110,331 | 1,964,116 | 12.13% | 79.18% | 931 |

સ્રોત : **https://www.census2011.co.in/scheduled-castes.ph**

## 3.5 મુખ્ય ક્ષેત્રોમાં કુલ કામદારોમાં સ્થળાંતરિત કામદારોનો હિસ્સો (Share of Migrant Workers in Total Workers by Major Sectors)

| ગ્રામ્ય | | | શહેરી | |
|---|---|---|---|---|
| ક્ષેત્ર | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| પ્રાથમિક | 4% | 75% | 20% | 65% |
| ઉત્પાદન | 13% | 59% | 38% | 51% |
| જાહેર સેવાઓ | 16% | 69% | 40% | 56% |
| બાંધકામ | 8% | 73% | 32% | 67% |
| પરંપરાગત સેવાઓ | 10% | 65% | 29% | 55% |
| આધુનિક સેવાઓ | 16% | 66% | 40% | 52% |
| **કુલ** | **6%** | **73%** | **33%** | **56%** |

**સ્રોત:** NSS 2007-08, Classification as in Table II.1 -

https://mohua.gov.in/upload/uploadfiles/files/1566.pdf

NAVSARJAN XCHD

ઉપરોક્ત ટેબલ દર્શાવે છે કે ઘણા બધા કાર્ય ક્ષેત્રો માંથી NSS દ્વારા કરવામાં આવેલ અભ્યાસ પરથી સૂચવે છે કે ગ્રામ્ય ક્ષેત્રે 8% પુરુષો અને 73 % સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્ર સાથે જોડાય છે. શહેરમાં 32 % પુરુષો અને 67 % સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્ર સાથે જોડાય છે.

## 3.6 વ્યવસાયિક માળખાના કારણે ટુકા અને લાંબા ગાળાનું પુરૂષોનું સ્થળાંતર

(Occupational Structure of Short- and Long-term male migrants)

| | ગ્રામ્ય | | શહેરી | |
|---|---|---|---|---|
| | ટૂંકા ગાળા | લાંબા ગાળા | ટૂંકા ગાળા | લાંબા ગાળા |
| **પ્રાથમિક** | 24.9% | 59.5% | 13.2% | 14.7% |
| **ઉત્પાદન** | 16.8% | 13.1% | 26.0% | 19.9% |
| **જાહેર સેવાઓ** | 41.6% | 5.3% | 25.2% | 5.3% |
| **બાંધકામ** | **13.0%** | **11.3%** | **23.0%** | **25.0%** |
| **અન્ય** | 3.7% | 10.7% | 12.6% | 35.1% |
| | 100% | 100% | 100% | 100% |

Source: NSS 2007-08, Classification as in Table II.4

https://mohua.gov.in/upload/uploadfiles/files/1566.pdf

ઉપરોક્ત ટેબલમાં ઘણા ક્ષેત્રો માંથી NSS દ્વારા કરવામાં આવેલ અભ્યાસ પરથી **વ્યવસાયિક માળખાના કારણે ટુકા અને લાંબા ગાળાનું પુરૂષોનું સ્થળાંતરમાં ગ્રામ્ય સ્તરેથી ટુકા ગાળા માટે 13.0 % અને લાંબા ગાળા માટે 11.3% પુરુષો સ્થળાંતર થાય છે. શહેરી વિસ્તારમાં ટુકા ગાળા માટે 23.0% અને લાંબા ગાળા માટે 25.0% પુરુષો સ્થળાંતર થાય છે.**

## 4. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડને વર્ષ 2020 – 21 દરમિયાન ફાળવામાં આવેલ બજેટ

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે લાખો રૂપિયા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડને ફાળવવામાં આવે છે. સરકાર દ્વારા ઘણી સહાય આપવામાં આવે છે, પરંતુ આ યોજનાની યોગ્ય માહિતીના અભાવે શ્રમિકો લાભ લઇ શકતા નથી. જેથી દર વર્ષે ફાળવવામાં આવેલ બજેટનો પુરતો ઉપયોગ ન થયો

NAVSARJAN XCHD

હોવાથી બાકી બજેટ પરત જતું રહે છે. પરિણામે આવનાર વર્ષમાં બજેટ ઓછું કરી નાખવામાં આવે છે. આ સહાયનો  લાભ મેળવવા માટે લાલ ચોપડી અથવા 1 વર્ષ પેહલા ઈનિર્માણ કાર્ડમાં રજીસ્ટ્રેશન થયું હોવું જરૂરી છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડ સુરતની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જણાવવામાં આવ્યું કે બાંધકામ બોર્ડના અસ્તિત્વથી લઇ હાલ સુધી 35000 લોકો જ સુરત જીલ્લામાં રજીસ્ટર્ડ જેમણે યોજનાનો લાભ લીધો છે.

| **ક્રમ** | **યોજનાનું નામ** | **રૂપિયા લાખમાં વર્ષ 2020-21 ના અંદાજો** |
|---|---|---|
| 1 | શિક્ષણ સહાય યોજના | 3000 |
| 2 | નોધાયેલ બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલની સુવિધા | 50 |
| 3 | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | 300 |
| 4 | અંત્યેષ્ઠી સહાય યોજના | 300 |
| 5 | શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના | 50 |
| 6 | બાંધકામ શ્રમિકો માટે હંગામી આવાસ પુરા પડવાની યોજના | 200 |
| 7 | પ્રસુતિ સહાય / ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | 500 |
| 8 | વ્યવસાયિક  રોગની બીમારીમાં સહાય યોજના | 100 |
| 9 | માં અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | 1 |
| 10 | સ્માર્ટકાર્ડ / ઓળખકાર્ડ | 200 |
| 11 | મહેકમ ખર્ચ / વહીવટી ખર્ચ | 500 |
| 12 | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | 200 |
| 13 | મહાનગરપાલિકા તેમજ ગ્રામ્ય  વિસ્તારો માટે બાલવાડી – આંગણવાડી યોજના | 10 |
| 14 | બાંધકામ શ્રમિક માટે તબીબી સારવાર યુનિટ યોજના ધન્વન્તરી યોજના | 1500 |
| 15 | PMSBY + PMJJBY | 100 |
| 16 | શ્રમિક અન્નપુર્ણા યોજના | 2500 |
| 17 | વૃદ્ધાવસ્થા પેન્શન યોજના | 50 |
| 18 | નવી હોસ્ટેલ સહાય | 2000 |
| | **કુલ** | **11561.00** |

સ્ત્રોત : https://bocwwb.gujarat.gov.in/Images/bcwwb/pad-2020-21.pdf

NAVSARJAN XCHD

## 4.1 ગુજરાત સરકાર દ્વારા સ્થળાંતરીત બાળકોના શિક્ષણ સંદર્ભે કરવામાં આવેલ કાર્ય

શિક્ષણ વિભાગમાં મોસમી સ્થળાંતર કરનાર બાળકોના શૈક્ષણિક પડકારોને સંબોધવા માટે ગુજરાત સરકાર દ્વારા 2009 માં સ્થળાંતર કાર્ડની પહેલ હાથ ધરવામાં આવી. જે બાળકો પોતાના માતા પિતા સાથે સ્થળાંતર થાય છે તેવા બાળકોનું શિક્ષણ ચાલુ રાખવા, ડ્રોપ આઉટદર ઘટાડવા, તેમને સક્ષમ બનાવવા માટે સ્થળાંતર કાર્ડ બનાવવો. જે બાળકો આંતર રાજ્ય સ્થળાંતર કરે છે, બાળકોના વાલી જ્યાં કામ કરે છે ત્યાં અસ્થાયી શાળા માટે ટેન્ટ સ્પેશીયલ ટ્રેનીંગ પ્રોગ્રામ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા શાળામાં અને શાળા બાળકોને આપે. બાળકો એક જગ્યાએ શિક્ષણ લે, એક નક્કી કરેલ શાળામાં બાળક પરીક્ષા આપે. શરૂઆતમાં કાર્ડ પર માહિતી જાતે ભરવાની હતી. પરંતુ કાર્ડનો રેકોર્ડ રાખવા માટે 2010 માં ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાંઆવ્યું હતું. બાળકને ઓળખવા માટે વિશિષ્ટ નંબર રાખવામાં આવ્યો હતો. આ બાબતનું દેખરેખ શાળાઓનું સંકલન ક્લસ્ટર, બ્લોક, જીલ્લા અને રાજ્ય સ્તરે સર્વ શિક્ષા અભિયાનના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. આ સુવિધા હોવા છતાં બાળકોનો ડ્રોપ આઉટ દરમાં વધારો જોવા મળે છે.

## 5. સંશોધન પદ્ધતિ Research Mehodology:

### 5.1 અભ્યાસનું મહત્વ :

સુરત શહેરના વિકાસ સાથે અહી એક નવો ઉદ્યોગ ખુબ જ ઝડપી રીતે વિકસી રહ્યો છે અને તે છે બાંધકામ ઉદ્યોગ. શહેરમાં સ્થળાંતર અને શહેર વિકાસના કારણે, શહેરની હદ અને શહેરમાં રહેવા લાયક મકાનો માટેની જરૂરિયાતો વધતા બાંધકામ ક્ષેત્રે પણ રોજગારીની તક વધી. બાંધકામ ક્ષેત્રે મજૂરોની જરૂરિયાત જણાતા આ ક્ષેત્રે પણ સ્થળાંતરનું પ્રમાણ વધ્યું છે. અહી રોજીરોટીની શોધમાં આવતા લોકો કેવું જીવન જીવે છે. તેઓને કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. કયા ક્યા કાયદાઓ અને યોજનામાં તેમને આવરી લેવામાં આવ્યા છે. આ બધી બાબતો જાણવી તે ખુબ જ જરૂરી છે. ઉપરોક્ત દર્શાવેલી બાબતો પર વિશેષ જાણકારી માટે નવસર્જન દ્વારા બાંધકામ ક્ષેત્રે જોડાયેલા લોકો સાથે કામ કરવાનું અને તેમનો અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

અભ્યાસના ભાગ રૂપે સુરતના જુદા જુદા વિભાગોની મુલાકાત જેમાં PWD (Public Works Department) ઓફીસ, સ્લમઅપગ્રેડેશન, રાંદેર અને ઉધના ઝોન અને રાંદેર ઝોનમાં શહેરી વિભાગની મુલાકાત લઇ સરકારી બાંધકામ સાઈટની માહિતી માંગવામાં આવી પરંતુ ચોક્કસ કોઈ માહિતી મળી ન હતી. જેથી જુદા જુદા વિસ્તામાં 11 બાંધકામ સાઈટની મુલાકાત કરવામાં આવી.

### 5.2 અભ્યાસના હેતુઓ :

- સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરીત થયેલા શ્રમિકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

NAVSARJAN NXCHD

- બાંધકામ ક્ષેત્રમાં સંકળાયેલા શ્રમિકોને કામના સ્થળે અનુભવાતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- બાંધકામ ક્ષેત્રમાં સંકળાયેલી મહિલા શ્રમિકોની વિશિષ્ટ સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રમાં સંકળાયેલા શ્રમિકોના બાળકોના શિક્ષણ બાબતે અભ્યાસ કરવો.
- ધ બિલ્ડીંગ એન્ડ ઓધર કન્સ્ટ્રકશન વોર્કર એક્ટ,૧૯૯૬ ( The Building & Other Construction Worker Act,1996) હેઠળ શ્રમિકોને સામાજીક સુરક્ષાનો અભ્યાસ કરવો.

## 5.3 સેમ્પલ સાઈઝ:

આ અભ્યાસમાં રેન્ડમ સેમ્પલીંગ પદ્ધતિનો(Radom Sampling Method)ઉપયોગ કરવામાં આવ્યો છે. સુરતમાં શ્રમિકોની સ્થિતિ સમજવા માટે અલગ અલગ વિસ્તાર અને બાંધકામ થતું હતું એવી 11 જગ્યાઓ જ્યાં સરકારી બાંધકામ ચાલતું હતું ત્યાં મુલાકાત કરવામાં હતી. જેમાંથી કુલ 7 બાંધકામ સાઈટ જેમાં સુરત શહેરમાં આવેલ બાંધકામ સાઈટ સુમન વંદન જહાંગીરપુરા, ફાર્મસી કોલેજ મજુરાગેટ અઠવા, આઈ.ટી.આઈ.મજુરાગેટ અઠવા, સુમન પાર્થ અલથાણ-ભટાર, આંજણા ટેનામેન્ટ આંજણા, ડુંભાલ ટેનામેન્ટ આંજણાની સાઈટ પર અભ્યાસ કરવામાં આવ્યો.

### 5.4 માહિતી એકત્રીકરણ (Data Collection)

### 5.4.1 પ્રાથમિક માહિતી

પ્રાથમિક માહિતી મેળવવામા માટે કોઈ પણ સરકારી સાઈટ પર કાર્ય કરવા માટે જે તે જવાબદાર વ્યક્તિની પરમીશન વગર ત્યાં કોઈ પણ શ્રમિકને મળવા માટે છૂટ આપતા નથી જેથી કોન્ટ્રાકટર, બિલ્ડર અને સાઈટના મુખ્ય જવાબદાર અધિકારી પાસે પરવાનગી મેળવીને શ્રમિકો પાસે પ્રાથમિક માહિતી મેળવવામાં આવી હતી.

આ અભ્યાસ માટે ડેટા એકત્રિત કરવા માટે જ્યાં બાંધકામ સાઈટનું કામ ચાલતું હતું ત્યાં રૂબરૂ મુલાકાત અને પ્રશ્નાવલી દ્વારા તેમની માહિતી મેળવવામાં આવેલ છે. આ પર બાંધકામ સાઈટ પર શ્રમિકો સાથે મુલાકાત કરવા માટે જે તે સાઈટના મુખ્ય વ્યક્તિ સાથે મુલાકાત લઈ શ્રમિકોને મળવા માટેની પરમીશન લેવામાં આવી હતી. કારણકે સીધી રીતે કોઈ પણ શ્રમિકને મળવાની છૂટ ન હતી. અમે મજુરોની કામ કરવાના કલાક પુરા થયા પછી શ્રમિકો સાથે મુલાકાત કરવા માટે જતા હતા. છતાય શ્રમિકોના વધતા ઓછા પ્રમાણના કારણે શ્રમિકોની સંખ્યાના પ્રમાણમાં તફાવત જોવા મળે છે. આ પ્રશ્નાવલીમાં નીચે મુજબની બાબતોને લઈને પ્રશ્નો તૈયાર કરવમાં આવેલ છે.

- વ્યક્તિગત માહિતી
- વ્યવસાયિક પરિસ્થિતિ
- સામાજિક પરીસ્થિતિ
- આર્થિક પરીસ્થિતિ

NAVSARJAN XCHD

### 5.4.2 ગૌણ માહિતી

આ અભ્યાસમાં સેકન્ડરી ડેટા માટે જુદા જુદા સરકારી વિભાગો તેમજ બાંધકામ શ્રમિકો પર થયેલ અગાઉ અભ્યાસ, સ્થળાંતર પર થયેલ અભ્યાસ, તેમજ અન્ય સાહિત્ય અને ઓનલાઈન વેબસાઈટનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવેલ છે.

## 6. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન:

પ્રાથમિક માહિતીને ભેગી કરી યોગ્ય રીતે જાતે ચકાસણી કરવામાં આવેલ છે તેમેજ કોમ્પ્યુટરના માઈક્રોસોફ્ટ ઓફીસ એક્ષ્કેલની મદદથી માહિતીનું કોષ્ટક અને ચાર્ટમાં રૂપાંતરિત કરી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. અહીં બાંધકામક્ષેત્રના શ્રમિકોની પસંદગી કરવામાં આવેલ છે. જે જાહેર ક્ષેત્ર જેવાકે સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ બાંધકામ પ્રવૃત્તિઓ જેમ કે આવાસ, આઈ.ટી.આઈ., શાળા અથવા કોલેજ વગેરે.આ બાંધકામ પ્રવૃત્તિ સાથે કુશળ અને અર્ધકુશળ શ્રમિકો જોડાયેલા છે. અર્ધકુશળ કારીગરોમાં સેન્ટીંગ, પ્લાસ્ટર કરનારા, સ્લેબ ભરનાર, પાયો નાખનાર જેવાનો સમાવેશ થાય છે. અકુશળમાં બાંધકામમાં વપરાતા માલસામાન અને રેતી કપચી અને સિમેન્ટનું મિશ્રણ ઉપાડનાર જેવાનો સમાવેશ થાય છે. અહી દરેક પ્રકારના શ્રમિકો સાથે મળવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સુરત શહેરની 7 બાંધકામ સાઈટ પર 160 લોકોના પ્રશ્નાવલી દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

6.1 બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોની સંખ્યા

| સાઈટનુંનામ | શ્રમિકનીસંખ્યા | % |
|---|---|---|
| સુમન વંદન,EWS-2 આવાસ , જહાંગીરપુરા | 40 | 25% |
| સુમન પાર્થ, અલથાણ- ભટાર | 31 | 19.3% |
| ફાર્મસી કોલેજ , મજુરા ગેટ | 17 | 10.6% |
| ITI સાઈટ, મજુરા ગેટ | 25 | 15.6% |
| આંજણા ટેનામેન્ટ | 11 | 6.8% |
| શ્રી રામ પ્રસાદ બિસ્મિલ સ્કૂલ, આંજણા. | 12 | 7.5% |
| ડુંભાલ ટેનામેન્ટ, આંજણા | 24 | 15% |
| **કુલ** | **160** | **100%** |

સુરત શહેરમાં આવેલ કુલ 7 સરકારી બાંધકામ સાઈટ પર શ્રમિકોના સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત તમામ બાંધકામ સાઈટ સરકાર દ્વારા બાંધવામાં આવતી જુદીજુદી મિલકતોની છે. સુમન વંદન સાઈટ પર જે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનવવામાં આવે છે જેમાં

NAVSARJAN XCHD

અંદાજીત 300 જેટલા શ્રમિકો કાર્ય કરતા હતા. તે માંથી કુલસેમ્પલ સાઈઝ પ્રમાણે 25 % શ્રમિકો પાસે માહિતી મેળવવામાં આવી હતી.સુમન પાર્થ સાઈટ પર 19.3 % જેટલા શ્રમિકોની માહિતી મેળવવામાં આવેલ છે.ફાર્મસી કોલેજ સાઈટ પર 10.6 % જેટલા શ્રમિકો, ITI સાઈટ પરથી 15.6% જેટલા શ્રમિકોની માહિતી મેળવવામાં આવેલ છે. આંજણા ટેનામેન્ટ પરથી 6.8 %, શ્રી રામ પ્રસાદ બિસ્મિલ સ્કૂલ 7.5 %, ડુંભાલ ટેનામેન્ટ પરથી 15 ટકા શ્રમિકોની માહિતી મેળવવામાં આવેલ છે.

## 6.2 રાજ્ય પ્રમાણે સ્થળાંતર કરતા શ્રમિકોની સંખ્યા

| રાજ્યો | 15-25 વય | | 26-35 વય | | 36-45 વય | | 46-55 વય | | કુલ | | ટકા % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | |
| ગુજરાત | 5 | 18 | 1 | 13 | 0 | 1 | 0 | 1 | 6 | 33 | 24.3% |
| મહારાષ્ટ્ર | 6 | 3 | 4 | 0 | 0 | 2 | 1 | 1 | 11 | 6 | 10.6% |
| મધ્યપ્રદેશ | 7 | 14 | 1 | 7 | 0 | 4 | 0 | 1 | 8 | 26 | 21.2% |
| રાજસ્થાન | 3 | 7 | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 5 | 9 | 8.7% |
| ઉત્તરપ્રદેશ | 0 | 4 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 5 | 3.1% |
| બિહાર | 0 | 15 | 0 | 12 | 0 | 5 | 0 | 2 | 0 | 34 | 21.2% |
| છત્તીસગઢ | 0 | 9 | 0 | 3 | 0 | 0 | 0 | 0 | 0 | 12 | 7.5% |
| ઝારખંડ | 0 | 2 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 3 | 1.8% |
| પશ્ચિમબંગાળ | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0.6% |
| ઓરિસ્સા | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0.6% |
| કુલ | **21** | **72** | **8** | **39** | **0** | **14** | **1** | **5** | **30** | **130** | **100%** |
| | 93,58% | | 49, 30% | | 14, 8.7% | | 6, 3.7% | | | | |

આ અભ્યાસમાં 15 થી 25 વર્ષમાં 58% જેટલા સ્ત્રીઓનું અને પુરુષો સ્થળાંતર થાય છે. 26 થી 35 માં 30% જેટલા સ્ત્રી અને પુરુષો સ્થળાંતર થાય છે. 36 થી 45 વર્ષનાં વય જુથમાં એક પણ સ્ત્રી શ્રમિકો જણાઈ નથી પરંતુ 8.7% જેટલા શ્રમિકો સ્થળાંતર થાય છે. ૪૬ થી 55 વર્ષ દરમિયાન 3.7 % શ્રમિકો સ્થળાંતર થાય છે. જેમાં રાજ્ય પ્રમાણે સ્ત્રી અને પુરુષોના પ્રમાણમાં તફાવત દેખાય છે.

આ અભ્યાસ પરથી જણાય છે કે સૌથી વધુ બિહારથી પ્રમાણમાં આ અભ્યાસમાં ગુજરાતમાં 6, મધ્યપ્રદેશ 8, મહારાષ્ટ્ર 11, અને રાજસ્થાનની 5 બહેનો બાંધકામ સાઈટ પર કામ કરે છે અન્ય રાજ્ય માંથી ખુબ ઓછા પ્રમાણમાં બહેનો રોજગારની શોધમાં આવે છે. આ અભ્યાસમાં સૌથી વધુ ગુજરાતના લોકો એક જગ્યાથી બીજી જગ્યાએ કામની શોધમાં સ્થળાંતર થાય છે. બીજા નંબરે મધ્યપ્રદેશ અને બિહારના લોકો સ્થળાંતર થાય

NAVSARJAN XCHD


છે. ઝારખંડ, પશ્ચિમબંગાળ, અને ઓરિસ્સાથી ઓછા પ્રમાણમાં સ્થળાંતર થાય છે. આદરેક રાજ્યના લોકો સ્થળાંતરીત થાય છે જેઓ જુદા જુદા ઉદ્યોગો સાથે સંકળાઈ જાય છે.

રાજ્ય પ્રમાણે ગુજરાત રાજ્ય માંથી 24 % સ્ત્રી અને પુરુષો સ્થળાંતર થાય છે, મહારાષ્ટ્ર માંથી 10.6 % સ્ત્રી અને પુરુષો સ્થળાંતર થાય છે, મધ્યપ્રદેશ માંથી 21.2% સ્ત્રી અને પુરુષો સ્થળાંતર થાય છે, રાજસ્થાન માંથી 8.7% સ્ત્રી અને પુરુષો સ્થળાંતર થાય છે, ઉતરપ્રદેશ માંથી 3.1 % પુરુષો સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્રે જણાઈ નથી, બિહાર 21.2% પુરુષો સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્રે જણાઈ નથી, છતીસગઢ 7.5 % પુરુષો, ઝારખંડ થી 1.8 % પુરુષો, પશ્ચિમ બંગાળ થી 0.6% અને ઓરિસ્સાથી 0.6 % પુરુષો બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા છે.

ઉતરપ્રદેશ, બિહાર, છતીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા રાજ્ય થી મોટાભાગે પુરુષો કામધંધા અર્થે સ્થળાંતર થાય છે. તેઓ પોતાના પરિવાર સાથે થોડા પ્રમાણમાં સ્થળાંતર થતા હોય છે. પરંતુ પુરુષો પોતે કામ કરતા હોય સ્ત્રીઓને બાંધકામ ક્ષેત્રે કામ કરવા લાવતા નથી.

## 6.3 શ્રમિકોના કાર્ય વિભાજન (વ્યવસાય)

| વ્યવસાય | | | | |
|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરુષ | કુલ | % |
| ચણતરમિસ્ત્રી | 0 | 26 | 26 | 16.2% |
| ચણતર મજુર | 23 | 35 | 58 | 36.2 % |
| સેન્ટીંગ | 0 | 35 | 35 | 21.8% |
| આર.સી.સી. | 2 | 4 | 6 | 3.7% |
| ટાઈલ્સમજુર | 1 | 4 | 5 | 3.1% |
| પ્લમ્બર | 0 | 2 | 2 | 1.2% |
| અન્ય | 4 | 24 | 28 | 17.5% |
| **કુલ** | **30** | **130** | **160** | **100%** |




શ્રમિકો બાંધકામ ક્ષેત્રે કામ તો કરે જ છે પણ ક્યા પ્રકારનું કામ કરે છે. તે સંદર્ભે માહિતી મેળવવામાં આવી જેમાં, 16.2 % જેટલા શ્રમિકો ચણતર મિસ્ત્રી તરીકે કામ કરે છે. 14.3 % સ્ત્રીઓ અને 21.8 % પુરુષો આમ 36.2% શ્રમિકો ચણતર મજુર તરીકે કાર્ય કરે છે. 21.8 % જેટલા પુરુષ શ્રમિકો સેન્ટીંગ કામ સાથે સંકળાયેલા છે. 3.7% જેટલા સ્ત્રી અને પુરુષ શ્રમિકો આર.સી.સી.ની કામગીરી સાથે સંકળાયેલા છે. 17.5 %

NAVSARJAN XCHD

જેટલા શ્રમિકો અન્ય કામ જેવાકે  સફાઈકામ, સાઈટ પરના વાહનો ચલાવવા, ડીપાર્ટમાં કોઈ પણ પ્રકારનું  કાર્ય કરવું જેવાનો સમાવેશ થાય છે.


### 6.4 શ્રમિકોનો ધર્મ :

| ધર્મ | શ્રમિકોની સંખ્યા | % |
|---|---|---|
| હિંદુ | 127 | 79.4% |
| મુસ્લિમ | 33 | 20.6% |
| બોદ્ધ | 0 | 0% |
| કુલ | 160 | 100% |

આ અભ્યાસમાં  દરે ધર્મના લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં 79.4% શ્રમિકો હિંદુધર્મમાં જુદા જુદા પંથો સાથે જોડાયેલા છે જેમાં મોટાભાગે આદિવાસી ધર્મ સાથે સંકળાયેલા છે. 20.6% શ્રમિકો મુસ્લિમ ધર્મ પાળે છે. જેઓ આ બાંધકામમ સાઈટ પર કાર્ય કરતા હતા તેઓ મોટાભાગે  અન્ય રાજ્યથી સ્થળાંતર થઈને આવેલા શ્રમિકો હતા.  બોદ્ધ ધર્મ પાળતા હોય અને બાંધકામ સાઈટ પર કાર્યકર્તા હોય એવા શ્રમિકો જણાયા નથી.

### 6.5 શ્રમિકોની જાતી


| જાતી | શ્રમિકસંખ્યા | ટકા |
|---|---|---|
| **એસ.ટી.** | 105 | 65.6 % |
| **એસ.સી** | 5 | 3% |
| **ઓ.બી.સી** | 17 | 11% |
| **અન્ય** | 33 | 21% |
| **કુલ** | 160 | 100% |




અભ્યાસમાં શ્રમિકોની જાતી  સંદર્ભે માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. જેમાં 65% શ્રમિકો સિડ્યુલ ટ્રાઈબમાં આવે છે, એસ.સી. જાતી માંથી  3% , ઓ.બી.સી. માંથી 11% જેટલા શ્રમિકો બાંધકામ ના કાર્ય સાથે સંકળાયેલા  છે.  21%  મુસ્લીમ શ્રમિકો હતા.  ગુજરાત અને મધ્યપ્રદેશના અંતરયાળ વિસ્તાર માંથી આવતા અને અશિક્ષિત શ્રમિકોને જાતિ શું તેનાથી અજાણ હતા. જેથી આ સંદર્ભે માહિતી આપી. તેમની પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

## 6.6 શ્રમિકોના પુરાવા

| શ્રમિકો પાસે ઉપલબ્ધ પુરાવા | | | | | |
|---|---|---|---|---|---|
| | હા | % | ના | % | કુલ |
| આધારકાર્ડ | 145 | 91% | 15 | 9% | 160 |
| જોબકાર્ડ | 19 | 12 % | 141 | 88% | 160 |
| માકાર્ડ | 2 | 1% | 158 | 99% | 160 |
| ચુંટણીકાર્ડ | 85 | 53% | 75 | 47% | 160 |
| રેશનકાર્ડ | 89 | 56% | 71 | 44% | 160 |




બાંધકામ ક્ષેત્રે કાર્ય કરતા શ્રમિકો માટે પુરાવાનો પ્રશ્ન ખુબજ વિકટ રહ્યો છે. તેમની પાસે પુરાવા હોય છે પણ તેઓ ગામમાં રાખે છે શહેરમાં સાથે લાવતા નથી. અથવા થોડા શ્રમિકો પાસે પુરાવા જ નથી. જેથી તેઓ શ્રમિકોને મળતા લાભથી અજાણ રહે છે અને લાભ મેળવી શકતા નથી. જેથી અભ્યાસમાં આવરી લીધેલા શ્રમિકો પાસે ઉપલબ્ધ પુરાવાની વિગત મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં, 91% શ્રમિકો પાસે પોતાના આધારકાર્ડ હતા, 9% શ્રમિકો પાસે આધારકાર્ડ ન હતા. જેમની પાસે આધાર પુરાવા ન હતા તેમણે આધારકાર્ડ બનાવ્યા નથી અને અને થોડા લોકોના આધારકાર્ડ ખોવાઈ ગયા હોવાથી ફરી બનાવ્યા નથી. જેમની પાસે પુરાવા છે તેઓ આધારકાર્ડની નકલ કોપી સાથે રાખે છે અને અસલ ગામમાં જ રાખે છે સાથે લાવતા નથી.

ગામમાં આપવામાં આવતા રોજગારી કાર્ડ એટલે જોબકાર્ડની માહિત મેળવવામાં આવી જેમાં 12% શ્રમિકો પાસે આ કાર્ડ હતો. 88% શ્રમિકો પાસે આ કાર્ડ નથી એવું જાણવા મળ્યું હતું. જે આ સ્થળાંતરનું કારણ બનવા પાછળ મુખ્ય ભૂમિકામાં રહેલું છે. તેમને ગામમાં રોજગારી ના મળે તો તેમને પરિવારના ભરણપોષણ માટે કામ તો કરવું જ પડે જેથી શહેરમાં જઈ કામધંધા કરવા જે ઉચિત પરિણામ લાગે છે.

બાંધકામ ક્ષેત્રે કાર્ય કરતા શ્રમિકોના આરોગ્યને ધ્યાને રાખી મા કાર્ડ વિશે માહિતી મેળવવામાં આવી, જેમાં 1% શ્રમિકો પાસે મા કાર્ડ છે એવું જણાયું હતું. 99% શ્રમિકો પાસે માકાર્ડ ન હતો. કારણકે તેઓ આ કાર્ડ શું છે તે બાબતથી અજાણ હતા.

ભારતની નાગરિકતા પુરવાર કરતો ચુંટણીકાર્ડ તે સંદર્ભે માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો .જેમાં 53% શ્રમિકો પાસે ચુંટણી કાર્ડ હતો, 47% શ્રમિકો પાસે ચુંટણી કાર્ડ ન હતો. કારણકે થોડા

NAVSARJAN XCHD


શ્રમિકોએ પોતાનો ચુંટણી કાર્ડ બનાવ્યો નથી અને થોડા શ્રમિકોના કાર્ડ ખોવાઈ ગયા છે એવું જણાવ્યું હતું. જે શ્રમિકો પાસે ચુંટણી કાર્ડ હતો તે માંથી 30% જેટલાશ્રમિકો પોતાની સાથે કાર્ડ રાખે છે, 23% જેટલા શ્રમિકો ચુંટણી કાર્ડની અસલ કોપી સાથે રાખતા નથી પણ નકલ સાથે રાખે રાખે છે.

શ્રમિકોની અન્ન સુરક્ષા સંદર્ભે માહિતી મેળવવામાં આવી હતી જેમાં, 56% શ્રમિકો પાસે રેશનકાર્ડ હતો. આ રેશનકાર્ડ દરેક શ્રમિકોનો ગામનો હતો. 44% શ્રમિકો પાસે રેશનકાર્ડ ન હતો. તેનું કારણ પૂછતાં જણાયું હતું કે રેશનકાર્ડ હોવા છતાં અનાજ આપવામાં આવતું નથી. રેશનકાર્ડ હજી પણ કુટુંબના લોકો સાથે પરિવાર દીઠ અલગ કરાવ્યો નથી.

## 7. આર્થિક સ્થિતિ

### 7.1 શ્રમિકોની વતનમાં જમીન :

| વતનમાં જમીન | | |
|---|---|---|
| હા | 109 | 68% |
| ના | 51 | 32% |
| **કુલ** | **160** | **100%** |





ગામડા માંથી શહેરોમાં સ્થળાંતર કરતા શ્રમિકો પાસે થોડી માત્રામાં જમીન હોય છે, અમુક શ્રમીકની વધુ જમીન હોય છે અથવા અમુક શ્રમિકો પાસે જમીન હોતી નથી. શું સ્થળાંતર પાછળ તેમની આર્થિક સ્થિતિ કેટલા અંશે જવાબદાર બને છે. એ ધ્યાને રાખવું જરૂરી છે. જેથી શ્રમિકોની આર્થિક સ્થિતિ એટલે શ્રમિકોનો મુખ્ય આવક સ્ત્રોત જમીન સંદર્ભે માહિતી મેળવવામાં આવી હતી.

68% શ્રમિકો પાસે જમીન છે અને 32% શ્રમિકો પાસે જમીન ન હતી. અહી ૩૨% શ્રમિકો માં બિહાર રાજ્યના શ્રમિકો જેઓ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેમની પાસે જમીન ન હોવાથી તેઓ સ્થળાંતર થયા હોવાનું જણાયું હતું. એક આર્થિક પાસું રોજગારી પણ છે તેમના રહેઠાણ વિસ્તારની આસપાસ રોજગારીનો અભાવ અને ઓછા વેતને રોજગારી મળતી હોવાથી સ્થળાંતર થવા પાછળનું મુખ્ય પરિબળ છે.

NAVSARJAN XCHD

## 7.2 શ્રમિકોના નામ પર જમીન


| શ્રમિકોનાં નામ પર જમીન | | |
|---|---|---|
| હા | 3 | 2.7 % |
| સહિયારી | 83 | 76.1 % |
| ના | 23 | 21.1 % |
| **કુલ** | **109** | **100 %** |




અભ્યાસમાં આવરી લીધેલા શ્રમિકો પાસે જમીન છે પણ આ જમીનની તેઓ માલિકી ધરાવે છે. જે જાણવું મહત્વનું છે. કારણકે ઘણા કિસ્સામાં જમીન માલિકી અન્ય વ્યક્તિના નામ પર હોય અને આ અભ્યાસમાં આવરી લીધેલા શ્રમિકો પાસે જમીન છે પણ આ જમીનની તેઓ માલિકી ધરાવે છે. બાબત પર ધ્યાન આપ્યા વિના જમીન ખેડી ખેત ઉપજ મેળવે છે. અહી 2% શ્રમિકો છે જેમના પોતાના નામે જમીન છે. 52% શ્રમિકોની જમીન સહિયારી છે તેમને જમીન માંથી ઉપજ મેળવવાના માટે જમીનના ભાગ આપવામાં આવ્યા છે. પરંતુ હજી પિતાના નામ પર જમીન છે. 14% શ્રમિકોના નામ પર જમીન થઈ નથી. જમીન ખેડવા માટે જમીનનો ભાગ આપવામાં આવ્યો છે. પરંતુ હજી પણ જમીન માલિકીમાં નામ મુકવામાં આવ્યું નથી.

## 7.3 એકરમાં જમીન

| એકરમાં જમીન | | |
|---|---|---|
| 1 થી 5 | 63 | 57% |
| 6 થી 10 | 30 | 27.6% |
| 11 થી 15 | 6 | 6.4 % |
| 16 થી 20 થી વધુ | 10 | 9 % |
| **કુલ** | **109** | **100%** |





160 શ્રમિકો માંથી 68% શ્રમિકો પાસે જમીન છે. તેમાં શ્રમિકોની વ્યક્તિગત રીતે કેટલા એકર જમીન છે. 57% શ્રમિકો પાસે 1 થી 5 એકર જેટલી જમીન, 27.6% શ્રમિકો પાસે 6 થી 10 એકર જમીન, 6.4

NAVSARJAN XCHD

% શ્રમિકો પાસે 11 થી 15 એકર જેટલી જમીન હતી. 9 % શ્રમિકો પાસે 16 થી 20 એકર જેટલી જમીન હતી. અભ્યાસમાં આવરી લીધેલા 68% લોક પાસે ઓછામાં ઓછું કુટુંબનું ગુજરાન ચાલે તેટલી જમીન છે. આ જમીનનો યોગ્ય લાભ પાકને ખાતર અને પાણી વિના લઇ શકાતો નથી. જેથી પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટેનું પાણી દરેક ઋતુમાં હોય તો લોકો પાક લઇ શકે. પરંતુ આ શ્રમિકો પાસે જમીન હોવા છતાં સિંચાઈ માટે પાણીની સુવિધા નથી. વિસ્તારની ભૌગલીક સ્થિતિ એવી છે કે ઉનાળા દરમિયાન પીવાના પાણી માટે તકલીફ પડે છે. જેથી સિંચાઈની તો વાત જ નથી આવતી. તેમને ચોમાસાની ઋતુમાં પાક લેવો પડે છે આ પાક માંથી જે પણ ઉપજ આવે તે તેઓ ખાવા માટે રાખે છે વેચતા નથી.


## 7.4 જમીન અન્ય વ્યક્તિને ભાડે કરવા આપે

| ભાડેજમીન કરવા આપે | | |
|---|---|---|
| હા | 5 | 4.5% |
| ના | 104 | 95.5% |
| કુલ | 109 | 100% |




આ અભ્યાસમાં જમીન હોવીએ યોગ્ય છે પરંતુ જમીનો ખરેખરે ઉપયોગ પોતે કરે છે. કે પોતાના જમીનની ઉપજનો લાભ અન્ય વ્યક્તિ લેય છે તેના પણ ભાર મુકવામાં આવ્યો હતો. જેમાં જણાયું કે 4.5% શ્રમિકો છે જેમણે પોતાની જમીન અન્ય વ્યક્તિને ભાડે આપી દીધી છે. કારણકે તેમણે દેવું કર્યું હતું જેની ભરપાઈ કરવા માટે જમીન ભાડે આપી, લગ્ન અને ઘરના કામ માટે પૈસાની જરૂર હોવાથી તેમણે જમીન ભાડે આપી છે. 95.5% શ્રમિકો પોતાની જમીન ભાડે આપી નથી. જમીન એ આર્થિક સધ્ધરતા અને પોતાના જીવનની સુરક્ષા માટે મહત્વનો સ્રોત છે.

## 7.5 વાર્ષિક આવક





| વાર્ષિક આવક | | % |
|---|---|---|
| 1 થી20 હજાર | 77 | 70.6% |
| 21 થી 40 હજાર | 14 | 12.8% |
| 41 થી 60 હજાર | 10 | 9.1% |
| 61 થી 80 હજાર | 3 | 2.7% |
| 81 થી 1 લાખ થી વધુ | 3 | 2.7% |
| કોઈ આવક નથી | 2 | 1.8% |
| કુલ | 109 | 100% |

NAVSARJAN XCHD

કોષ્ટક 9.1 મુજબ અભ્યાસમાં આવરી લીધેલા 68% શ્રમિકો પાસે જમીન છે. કોષ્ટક 9.3 મુજબ ઓછામાં ઓછી 57% શ્રમિકો 1 થી 5 એકર જમીન ધરાવે છે. કોષ્ટક 9.4 મુજબ 95.5% લોકો જમીન ભાડે આપતા નથી અને આ જમીન જાતે કરે છે. આ મુજબ તેમની જમીન ઉપજો માંથી કેટલી વાર્ષિક આવક થાય છે જેથી શ્રમિકોને પોતાના વતનથી પલાયન થવું પડે છે. કોષ્ટક 9.5 ને જોતા જણાય છે કે 70.6% શ્રમિકોને 1 થી 20 હજાર ખેત ઉપજની વાર્ષિક આવક છે. 12.8% જેટલા શ્રમિકોને 21 થી 40 હજાર આવક છે, 9.1% શ્રમિકોની 41 થી 60 હજાર આવક, 2.7% શ્રમિકોને 61 થી 80 હજાર વાર્ષિક આવક, 1.8% શ્રમિક છે જેમને કોઈ આવક જ નથી અને તેમને બાહ્ય મજુરી પર આધાર રાખવું પડે છે.

## 8. બાંધકામ સાઈટ પરની માહિતી :

### 8.1 કામના કલાક




| કામના કલાકો | | |
|---|---|---|
| કલાક | સંખ્યા | ટકા % |
| 8 | 51 | 31.8% |
| 9 | 80 | 50% |
| 10 થી 12 | 28 | 17.5% |
| કુલ | 160 | 100% |


આ અભ્યાસમાં 7 બાંધકામ સાઈટના શ્રમિકોને તેમના કામના સમયગાળા સંદર્ભે પૂછવામાં આવ્યું હતું. સરકારના નિયમ મુજબ 8 કલાક કામ કરવાનું હોય પરંતુ આ એક ક્ષેત્ર એવું છે જ્યાં કામના કલાકમાં ઘટ થતી નથી પરંતુ કામ પૂર્ણ કરવા માટે વધુ સમય આપવો પડે છે. અથવા જુદા જુદા બહાના થકી શ્રમિકો પાસે વધુ કામ કરાવી લેવામાં આવે છે. અહી 31.8% શ્રમિકોએ 8 કલાક કામ કરે છે, 50% શ્રમિકો 9 કલાક કામ કરે છે, 17.5 % શ્રમિકો 10 થી 12 કલાક કામ કરે છે. શ્રમિકોને 8 કલાક કામ કરવાનું જણાવવામાં આવે છે. પરંતુ હકીકત જુદી હોય છે. બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોને બહારની સંસ્થા કે અન્ય વ્યક્તિ સાથે સીધા સંપર્કમાં આવવા દેવામાં આવતા નથી. જેથી શ્રમિકો અન્ય વ્યક્તિ સાથે વાત કરતા પણ ડર અનુભવે છે. કારણકે તેમના ઠેકેદાર કે કોન્ટ્રકટર તેમને કામ માંથી કાઢી ન મુકે. કોન્ટ્રકટર પાસે શ્રમિકો સાથે વાતચીત કરવાની પરમીશન મળી જાય છે. તે છતાં શ્રમિકોને પૂછવામાં આવતી માહિતીનો સચોટ જવાબ આપી શકતા નથી. તેઓ ડરે છે જો મારાથી સાચી માહિતી અપાય જાય તો કોન્ટ્રકટ ખીજવાય.

NAVSARJAN XCHD

શ્રમિકો પોતાનું સાચું મહેનતાણું કહેતા અચકાય છે. કડિયા મજુરોને 300 થી ૩૫૦ સુધી મહેનતાણું આપવામાં આવે છે. સેન્ટીંગ કામ કરનારને 400 રૂપિયા આપવામાં આવે છે. ચણતર મિસ્ત્રી ના 500 થી 700 સુધી વેતન ચુકવવામાં આવે છે. શ્રમિકો 11 થી 12 વાગ્યા સુધી ઓવર ટાઈમ કરે તો તેમને આખા દિવસની અડધી મજુરી આપવામાં આવે છે. 1 થી 2 કલાક વધુ કામ કરે તો 100 રૂપિયા વેતન આપવામાં આવે છે.


## 8.2 વેતનની ચુકવણી

| વેતનની ચુકવણી | | |
|---|---|---|
| 15 દિવસે | 0 | 0% |
| માસિકવેતન/ ખર્ચી લેય છે | 134 | 84% |
| ખર્ચી / ઉપાડ | 26 | 16% |
| કુલ | 160 | 100% |




આ અભ્યાસમાં આવરી લીધેલી 7 બાંધકામ સાઈટ પર શ્રમિકોને મહેનતાણું ક્યા પ્રકારે ચુકવવામાં આવે છે. આ સંદર્ભે શ્રમિકો દ્વારા જણાવ્યું કે 16% શ્રમિકો ખર્ચી કે ઉપાડ લે છે, 84% શ્રમિકો ખર્ચી પણ લે છે અને માસિક વેતન પણ લે છે. ખર્ચી આપ્યા બાદ જેટલી રકમ બાકી હોય તે માસના અંતે આપવામાં આવે છે. થોડા શ્રમિકો ખર્ચી લેતા નથી તેઓ માસના અંતે એક સાથે વેતન મેળવે છે.

## 8.3 અન્ય કોઈ ભથ્થું આપવામાં આવે છે





| અન્ય ભથ્થું | | | | | |
|---|---|---|---|---|---|
| | હા | ટકા % | ના | ટકા % | કુલ |
| સાઈટપર આવવા જવાનો ખર્ચ | 13 | 8% | 147 | 92% | 160 |
| જમવાનો ખર્ચ | 0 | 0% | 160 | 100% | 160 |
| કામસંબધિત પ્રોત્સાહન | 0 | 0% | 160 | 100% | 160 |
| વાર્ષિકબોનસ | 0 | 0% | 159 | 100% | 160 |
| પ્રસુતિખર્ચ | 0 | 0% | 160 | 100% | 160 |

NAVSARJAN XCHD

બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોને કામના વેતન સિવાય અન્ય ખર્ચ આપવામાં આવે છે કે નહિ તે સંદર્ભે માહિતી મેળવવામાં આવી હતી. જેમાં **8% શ્રમિકોએ જણાવ્યું કે સાઈટપર આવવા જવાનો ખર્ચ આપવામાં આવે છે. 92% શ્રમિકોએ જણવ્યું કે આ ખર્ચ આપવામાં આવતો નથી.** જમવાનોખર્ચ આપવામાં આવતો નથી, પોતે કરે છે. **કામસંબધિત પ્રોત્સાહન** આપવામાં આવતું નથી. બોનસ આપવામાં આવતું નથી. પ્રસુતિ ખર્ચ આપવામાં આવતો નથી.

## 8.4 કોઈ લાભ આપવામાં આવે છે.


| કોઈ લાભ | | | |
|---|---|---|---|
| **લાભોના પ્રકાર** | **હા** | **ના** | **કુલ** |
| વીમાયોજના | 0 | 160 | 160 |
| વેતનસાથે માંદગી રજા | 0 | 160 | 160 |
| અકસ્માતમાં મદદ | 0 | 160 | 160 |
| જૂથવીમો | 0 | 160 | 160 |




બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોને કોઈ પણ લાભ આપવામાં આવતા નથી. આ દરેક સાઈટ પર કોઈ પણ વ્યક્તિનો વ્યક્તિગત વીમો કરાવવામાં આવેલ નથી. વેતન સાથે માંદગીની રજા આપવામાં આવતી નથી. શ્રમિક દ્વારા જેટલા દિવસ કામ કરવામાં આવ્યું હોય તે દિવસનું જ વેતન આપવામાં આવે છે. અકસ્માત બન્યું નથી જેથી એવી કોઈ મદદ કરવામાં આવેલ નથી. જૂથ વીમા સંદર્ભે જુથમાં વીમો કરાવવામાં આવ્યો નથી. પરંતુ એક બાંધકામ સાઈટ પર આ પ્રશ્ન સંદર્ભે સ્પષ્ટતા આપવામાં આવી હતી. કે તેઓ વ્યક્તિગત કે જૂથ વીમો આપતા નથી પરંતુ જો કોઈ અકસ્માત બને તો 40 વીમા કરવવામાં આવ્યા છે.

## 8.5 સુરક્ષાના સાધનો

| સુરક્ષાના સાધનો | | | | | |
|---|---|---|---|---|---|
| | **હા** | **ટકા %** | **ના** | **ટકા%** | **કુલ** |
| હાથમોજા | 32 | 20% | 128 | 80% | 160 |
| બુટ | 16 | 10% | 144 | 90% | 160 |
| હેલ્મેટ | 55 | 34% | 105 | 65% | 160 |
| આપવામાંઆવતા નથી | 47 | 30% | 113 | 70% | 160 |




NAVSARJAN NXCHD

ધ બિલ્ડીંગ એન્ડ ઓધર કન્સ્ટ્રકશન વોર્કર એક્ટ,1996 હેઠળ શ્રમિકોને સામાજીક સુરક્ષા પૂરી પડવાની જોગવાઈ કરવામાં આવે છે તે મુજબની કામના સ્થળે સુરક્ષાને ધ્યાને રાખી ત્યાં કામ કરતા દરેકને હેલ્મેટ, બુટ, હાથમોજા, સેફ્ટીબેલ્ટ સુવિધા આપવાની હોય છે. 90 % લોકો પાસે સુરક્ષાના સાધનો ન હતા. જેમની પાસે સુરક્ષાના સાધનો હતા તે તેઓ જાતે લઈ આવ્યા હતા. 20 % લોકો પાસે હાથ મોજા હતા 80 % લોકો પાસે હાથમોજા ન હતા. 10 % લોકોએ બુટ આપવામાં આવે છે અને 90% લોકોએ બુટ આપવામાં આવતા નથી એવું જણાવ્યું હતું. 34 % લોકો પાસે હેલ્મેટની વ્યવસ્થા આપવામાં આવે છે. 61 % શ્રમિકોએ હેલ્મેટ આપવામાં આપવામાં આવતું નથી.

## 8.6 બાંધકામ સાઈટ પર રહેતા


| બાંધકામ સાઈટ પરની પ્રાથમિક સુવિધા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **સાઈટ પર રહેતા** | | **વીજળી** | | **શૌચાલય** | | **બાથરૂમ** | | **પિવાનું પાણી** | |
| **હા** | **ના** | **હા** | **ના** | **હા** | **ના** | **હા** | **ના** | **હા** | **ના** |
| 143 | 17 | 143 | 0 | 143 | 0 | 143 | 0 | 143 | 0 |

આ અભ્યાસમાં આવરી લીધેલા 160 શ્રમિકો માંથી 143 શ્રમિકો બાંધકામ સાઈટ પર રહે છે. 17 શ્રમિકો બહારથી મજુરી માટે સાઈટ પર આવે છે. અભ્યાસમાં લીધેલી 7 બાંધકામ સાઈટ પર વીજળી, શૌચાલય, બાથરૂમ અને પીવાના પાણીની સુવિધા શ્રમિકોને આપવામાં આવેલી છે. પરંતુ તેમાં ઘણી બધી ખામીઓ જોવા મળી હતી.

આ દરેક સાઈટ પર વીજળીની સુવિધા આપવામાં આવી છે. પરંતુ શ્રમિકો જે ઝુપડું બાંધીને રહે છે ત્યાં લઇ જવા માટે જાતેજ સુવિધા કરવાની હતી. દરેક શ્રમિકો માટે શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ સ્ત્રી પુરુષ માટે અલગ વ્યવસ્થા ન હતી. સાઈટ પર એક અથવા 2 બાથરૂમ બનેલા હતા, અમુક સાઈટ પર ખુલ્લા બાથરૂમ હતા જેનો ઉપયોગ સ્ત્રીઓ અને પુરુષો બંને કરતા હતા. 4 થી 5 ટોઈલેટ બાથરૂમ બનવવામાં આવ્યા હતા એ માંથી 1 કે 2 જ બાથરૂમ સારી સ્થિતિમાં હતા અને અન્ય બંધ હતા. કપડા ધોવા માટે પણ કોઈ યોગ્ય જગ્યા ન હતી. નાનો પથ્થર અથવા બાથરૂમની બહાર નાની ચોકડી બનવવામાં આવી હતી, તેને કપડા ધોવા માટે ઉપયોગ કરતા હતા બાથરૂમના દરવાજા તૂટેલા હતા. બાથરૂમનું તળિયું તૂટેલું હતું. દરેક બાંધકામ સાઈટ પર એસ.એમ.સી. દ્વારા આપવામાં આવતા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## 8.7 બાળકો માટે અભ્યાસની વ્યવસ્થા

| બાળકોનો અભ્યાસ | | |
|---|---|---|
| હા | 12 | 8% |
| ના | 148 | 92% |
| કુલ | 160 | 100% |




અહી બાંધકામ સાઈટ પર કામ કરતા બાળકોના ના અભ્યાસના સંદર્ભમાં પ્રશ્ન પૂછવામાં આવ્યું જેમાં 92% શ્રમિકો દ્વારા જણાવવામાં આવ્યું કે તેમના બાળકો માટે બાંધકામમ સાઈટ પર કે શહેરમાં અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી નથી. તેમના બાળકો ગામમાં ભણે છે, તેમની સાથે નાના બાળકો રહે છે. બાળકોની રજા હોય એ સમય દરમિયાન નાના બાળકને સાચવવા માટે મોટા બાળકને લઇ આવે છે. 8% શ્રમિકોના બાળકો શહેરમાં શાળાએ જાય છે કારણકે તેઓ શહેરમાં જ રહે છે.


## 9. સામાજિક સ્થિતિ

સ્થળાંતરીતો અસંગઠિત હોવાથી કાયમી કામદારોની જેમ રોજગારી, વેતન, તથા અન્ય લાભો પ્રાપ્ત કરી શકતા નથી. શહેરી અને ગ્રામીણ ક્ષેત્રેથી સ્થળાંતર થતા શ્રમિકોને વિશિષ્ટ અને ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમ કે બેકારી અર્ધબેકારી, ગરીબી, કુટુંબનું મોટું કદ, કામની અયોગ્ય પરિસ્થિતિ, પીવાના પાણીની અછત, અપૂરતી આરોગ્ય સુવિધા, નબળી સોદા શક્તિ, નીચું જીવન ધોરણ, દેવાદારપણુ, આવાસના પ્રશ્નો, ગીચ વસવાટના પ્રશ્નો. શ્રમિકો તેમના શારીરિક શ્રમ કાર્ય દ્વારા દૈનિક વેતન પ્રાપ્ત કરીને અનિશ્ચિત રોજગારી અને અપૂરતા વેતન વચ્ચે તેમનું જીવન ગુજારે છે. શ્રમિકો અમુક સીઝન સુધી કામ કરે છે ત્યારે તેમનું કામ બંધ રહે છે. જેથી જુદી જુદી જગ્યાએ કામ કરવા જવું પડે છે. જેથી તેમના બાળકોના ભવિષ્યને પણ અંધકારમય બનાવે છે. બાળકો પર ધ્યાન આપી શકતા નથી. જેથી નીચે મુજબના કોષ્ટકમાં શ્રમિકોની સામાજિક પરિસ્થિતિ વિશે માહિતી મેળવવામાં આવેલી છે.

NAVSARJAN XCHD

## 9.1 કુલ સંખ્યા


| કૌટુંબિક માહિતી | | |
|---|---|---|
| સ્ત્રી | 199 | 35% |
| પુરુષ | 236 | 40% |
| છોકરા | 77 | 13% |
| છોકરી | 70 | 12% |
| કુલ | 582 | 100% |




આ અભ્યાસમાં શ્રમિકોની માહિતી સાથે તેમના સામાજિક સ્થિતિ સંદર્ભે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં કુલ 582 લોકોની માહિતી મેળવવામાં આવી છે. જેમાં 35% સ્ત્રીઓ, 40% પુરુષો , 13% છોકરા અને 12% છોકરીઓની માહિતી મેળવવામાં આવી છે. શ્રમિકોના કુટુંબની અને તેમના પરિવારમાં રહેલા બાળકોની શું સ્થિતિ છે તેને નીચેના કોષ્ટકોમાં સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 9.2 ઉંમર

| | ઉંમર | |
|---|---|---|
| **વયજૂથ** | **સ્ત્રી** | **પુરુષ** |
| **1 થી 10** | 48 | 42 |
| **11 થી 20** | 35 | 56 |
| **21 થી 30** | 77 | 90 |
| **31 થી 40** | 43 | 44 |
| **41 થી 50** | 40 | 51 |
| **51 થી 60** | 20 | 24 |
| **61 થી વધુ** | 6 | 6 |
| **કુલ** | **269** | **313** |





આ અભ્યાસમાં આવરી લીધેલા શ્રમિકોના પરિવારમાં 1 થી 10 વયજુથમાં 48 સ્ત્રી બાળકો અને 42 પુરુષ બાળકો છે. 11 થી 20ની વય જુથમાં 35 સ્ત્રીઓ છે અને 56 પુરુષો છે. 21 થી 30ની વયજૂથમાં 77 સ્ત્રીઓ અને 90 પુરુષો છે. 31 થી 40 વય જુથમાં 43 સ્ત્રીઓ અને 44 પુરુષો છે. 41 થી 50ની વય

NAVSARJAN XCHD

જુથમાં 40 સ્ત્રીઓ અને 51 પુરુષો છે. 51 થી 60ની વય જુથમાં 20 સ્ત્રીઓ છે અને 24 પુરુષો છે. 61 થી વધુ વય જુથમાં 6 સ્ત્રીઓ અને 6 પુરુષો છે.

## 9.3 વૈવાહિક દરજ્જો

| વૈવાહિક દરજ્જો | સ્ત્રી | પુરુષ | કુલ |
|---|---|---|---|
| પરણિત | 177 | 177 | 354 |
| અપરણિત | 80 | 127 | 207 |
| વિધવા | 12 | 0 | 12 |
| વિધુર | 0 | 9 | 9 |
| ત્યકતા | 0 | 0 | 0 |
| **કુલ** | **269** | **313** | **582** |





શ્રમિકોના પરિવારમાં દરેક સભ્યોના વૈવાહિક દરજ્જાની પણ માહિતી લેવામાં આવી હતી. જેમાં, 177 સ્ત્રીઓ અને 177 પુરુષો પરણિત છે. 80 સ્ત્રીઓ અપરણિત અને 127 પુરુષો અપરણિત છે. 12 સ્ત્રીઓ વિધવા અને 9 પુરુષો વિધુર છે. આ માહિતી પરથી ત્યકતાનું પ્રમાણ જણાયું નથી.

## 9.4 સ્ત્રી પુરુષમાં શિક્ષણનું પ્રમાણ

| સ્ત્રી પુરુષમાં શિક્ષણનું પ્રમાણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
| અશિક્ષિત | 159 | 59.1% | 158 | 50.4 % | 317 | 54.4 % |
| ૧થી ૭ | 33 | 12.2% | 47 | 15.0 % | 80 | 13.8% |
| ૮થી ૧૦ | 31 | 11.6% | 56 | 17.8% | 87 | 15% |
| ૧૧થી ૧૨ | 7 | 2.7% | 14 | 4.4% | 21 | 3.7 % |
| કોલેજ | 1 | 0.3% | 4 | 1.2% | 5 | 0.8 % |
| મદ્રેસા | 1 | 0.3% | 2 | 0.6% | 3 | 0.5% |
| શાળાએ ન જતા બાળકો | 37 | 13.8% | 32 | 10.2% | 69 | 11.9% |
| કુલ | 269 | 100 % | 313 | 100 % | 582 | 100% |


NAVSARJAN XCHD




આ અભ્યાસમાં શ્રમિકોના પરિવારમાં સાક્ષરતાનું પ્રમાણ ચકાસવા માટે તેમના પરિવારની માહિતી મેળવવામાં આવી હતી. કોષ્ટક 11.4 દર્શાવે છે કે સ્ત્રીઓ અને પુરુષોમાં શિક્ષણ લીધું ન હોય એવા 59.1 % સ્ત્રીઓ અશિક્ષિત અને 50.4% પુરુષો અશિક્ષિત છે. 1 થી 7 ધોરણનો અભ્યાસ કર્યો હોય એવી 12.2 % સ્ત્રીઓ અને 15.0% પુરુષો છે. 8 થી 10 ધોરણ સુધી અભ્યાસ કર્યો હોય એવી 11.6% સ્ત્રીઓ અને 17.8% પુરુષો છે. 11 થી 12 માં અભ્યાસ કર્યો હોય એવી 2.7% સ્ત્રીઓ અને 4.4% પુરુષો છે. કોલેજમાં સ્ત્રી અને પુરુષો માંથી 0.8% એ જ શિક્ષણ મેળવ્યું છે. 0.5% મદ્રેસામાં અભ્યાસ કરે છે. 11.9% બાળકો 5 વર્ષથી નાની વયના છે. આ અભ્યાસમાં સંકળાયેલા શ્રમિકો અને તેમના કુટુંબની માહિતી જોતા જણાય છે કે 54.4% જેટલા શ્રમિકો અને તેમના કુટુંબમાં અશિક્ષિત છે.

## 9.5 બાળકો માટે ઘોડિયાની વ્યવસ્થા

| બાળકો માટે ઘોડિયાની વ્યવસ્થા | | |
|---|---|---|
| લાગુ પડતું નથી | 137 | 85.6% |
| જાતે કરે છે | 23 | 14.4% |
| કુલ | 582 | 100% |




આ અભ્યાસમાં બાંધકામ સાઈટ પર શ્રમિકો કામ કરવા માટે આવે છે. સાથે તેમના નાના બાળકો ને પણ લાવે છે. આવા બાળકોની સુરક્ષા માટે ઘોડિયા ઘરની વ્યવસ્થા બનવવામાં આવી છે કે નહિ તે તપાસવામાં આવ્યું હતું. જેમાં 160 શ્રમિકો માંથી 23, 14.3% શ્રમિકોએ જણાવ્યું કે તેમના બાળકો માટે ઘોડિયા ઘરની

NAVSARJAN XCHD

વ્યવસ્થા નથી. તેમને પોતાના બાળકો માટે સુરક્ષિત જગ્યા શોધી કાપડ બાંધી ઝોળીની વ્યવસ્થા કરે છે. બાળક જાગતું હોય ત્યારે તેને મોટા બાળકને સાચવવા માટે આપી. માતા પિતા કામ કરવા જતા રહે છે. 137, 85.6 % શ્રમિકોમાં જેમના બાળકો નથી. બાળકોને સાથે લાવ્યા નથી બાળકો ગામમાં જ છે અથવા બાળકો મોટા હોય તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.


અનુભવ :

એક બાંધકામ સાઈટ પર 13 માળનું આવાસનું બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. આ માળ પર એક શ્રમિક બહેન કામ કરતા હતા તેમની અંદાજીત 2 અથવા 3 માસનું બાળક હતું. આ બાળકને ખવડાવવા માટે તેમની માતા 13માં  માળેથી નીચે ઉતરી શકતી નથી કારણ કે ત્યાં કામ ચાલે છે જેથી તેમની બીજી છોકરી જે અંદાજીત 7 વર્ષની હશે, તે આ નાના બાળકને નીચે થી લઈ 13 મળે જ્યાં તેની માતા કામ કરે છે, ત્યાં ખવડાવવા માટે લઈ જાય છે.  તેની માતા તે બાળકને ખવડાવે છે  ફરી તે બાળકને  તેમની 7 વર્ષની છોકરી સાથે નીચે મોકલી આપે છે.

આ સાઈટ પર ઉપર ચડવાના પગથીયા બનવવામાં આવેલ છે પરંતુ 11 અને 12 માં માળે પગથીયાની બાજુમાં આવેલ સેફટી દીવાલ બનાવવામાં આવી ન હતી. પગથિયામાં નાખવામાં આવેલ સળિયા પણ વાળવાના હજી બાકી હતા. આવી  જગ્યાએથી નાના બાળકને લઈ એક 7 વર્ષની છોકરી જતી હતી. આ બાબતે કોન્ટ્રકટરનું ધ્યાન દોરવામાં આવ્યું પરંતુ તેમણે જતું કર્યું.  જેથી જણાય છે કે બાંધકામ સાઈટ પર બાળકોની સુરક્ષા પ્રત્યે ધ્યાન આપવામાં આવતું નથી. શ્રમિકો પોતાના બાળકને જીવના ઝોખ્મે મુકીને ચાલ્યા જાય છે. કોન્ટ્રકટર દ્વારા આ બાબતોનું ધ્યાન આપવામાં આવતું નથી કારણકે તેમનું કામ અટકવું ના જોઈએ.

## 9.6 શાળાએ ન જતા બાળકો

| શાળાએ ન જતા બાળકોની સંખ્યા | | |
|---|---|---|
| શહેરમાં ન જતા | 28 | 19.7% |
| ગામમાં ન જતા | 50 | 35.2 % |
| ગામમાં જાયછે | 50 | 35.2 % |
| લાગુપડતું નથી | 14 | 9.8 % |
| **કુલ** | **142** | **100%** |





આ અભ્યાસમાં શ્રમિકોના બાળકોના અભ્યાસ પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. જેમાં મુખ્યત્વે બાળકોની ઉમર મુજબ બાળકોનો અભ્યાસ ચકાસવામાં આવ્યો છે. અહી 1 થી 18 વર્ષના બાળકો 142 છે. જેમાં 19.7%

NAVSARJAN XCHD

શ્રમિકોના બાળકો જેમની ઉમર 1 થી 5 વર્ષની છે જેથી તેમના શિક્ષણની શરૂઆત થઈ નથી. આ બાળકો તેમના માતા પિતા સાથે શહેરમાં રહે છે. 35.2% બાળકો જેમની ઉમર 1 થી 5 વર્ષની છે તેમના શિક્ષણની શરૂઆત થઈ નથી. આ બાળકો ગામમાં રહે છે. 35.2% બાળકો 5 થી 18 વર્ષની ઉમરના બાળકો છે. જેઓ ગામની શાળામાં અભ્યાસ કરે છે. 9.8% બાળકોની ઉમર 12 થી 18 વર્ષની છે. તેમણે શરૂઆતનું શિક્ષણ મેળવ્યું નથી તેઓ અભણ છે. જેથી 14 બાળકો માંથી 9 બાળકો બાંધકામ પ્રવૃત્તિ સાથે જોડાઈ ગયા છે. 5 બાળકો જોડાયા નથી.

## 9.7 શાળા છોડેલા બાળકો

| શાળા છોડેલા બાળકોની સંખ્યા | | |
|---|---|---|
| શહેર અને ગામમ ન જતા | 75 | 52.8 % |
| ગામમાં શાળામ જાયછે | 42 | 29.5% |
| શાળા છોડેલા | 8 | 5.6% |
| લાગુપડતું નથી | 17 | 11.9 % |
| કુલ | 142 | 100% |




બાંધકામ સાઈટ પર કાર્ય કરતા શ્રમિકો અને તેમના કુટુંબમાં બાળકોની શિક્ષણની સ્થિતિ સંદર્ભે માહિતી મેળવવામાં આવી હતી. 160 શ્રમિકોના અભ્યાસમાં 582 શ્રમિકોના પરીવારોને આવરી લેવામાં આવ્યા હતા. એમાં 1 થી 18 વર્ષના 142 બાળકો હતા. જેમાં 52.8% બાળકોની ઉમર 1 થી 5 વર્ષની અંદર હતા, જેઓ શહેર અને ગામમાં શાળાએ ન જતા બાળકો હતા. 29.5 % બાળકો ગામમાં શાળાએ જતા હતા. 5.6% બાળકોએ શાળા છોડી દીધી હતી. 11.9 % બાળકો અભણ છે તેઓ શાળાએ ગયા નથી. ઉપરોક્ત માહિતી પરથી જણાય છે કે શ્રમિકો પોતાના બાળકોના શિક્ષણ પ્રત્યે જાગૃત બન્યા છે અને બાળકોને ભણાવતા થયા છે.

NAVSARJAN
XCHD

## 10 તારણો:

- શહેરમાં બાંધકામ ક્ષેત્રે ગુજરાત રાજ્ય માંથી 24 % સ્ત્રી અને પુરુષો, મહારાષ્ટ્ર માંથી 10.6 % સ્ત્રી અને પુરુષો, મધ્યપ્રદેશ માંથી 21.2% સ્ત્રી અને પુરુષો, રાજસ્થાન માંથી 8.7% સ્ત્રી અને પુરુષો, ઉતરપ્રદેશ માંથી 3.1 % પુરુષો સ્થળાંતર સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્રે જણાઈ નથી, બિહાર 21.2% પુરુષો સ્ત્રીઓ બાંધકામ ક્ષેત્રે જણાઈ નથી, છતીસગઢ 7.5 % પુરુષો, ઝારખંડ થી 1.8 % પુરુષો, પશ્ચિમ બંગાળ થી 0.6% અને ઓરિસ્સાથી 0.6 % પુરુષો બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા છે. ગુજરાતના શ્રમિકો અન્ય ગામ શહેરથી સ્થળાંતર થાય જ છે પણ અન્ય રાજ્ય માંથી 76% શ્રમિકો સ્થળાંતર થાય છે.
- શ્રમિકો બાંધકામ ક્ષેત્રે 16.2 % જેટલા શ્રમિકો ચણતર મિસ્ત્રી તરીકે, 14.3 % સ્ત્રીઓ અને 21.8 % પુરુષો આમ 36.2% શ્રમિકો ચણતર મજુર તરીકે, 21.8 % જેટલા પુરુષ શ્રમિકો સેન્ટીંગ મજુર તરીકે, 3.7% જેટલા સ્ત્રી અને પુરુષ શ્રમિકો આર.સી.સી.ના મજુર તરીકે, 17.5 % જેટલા શ્રમિકો અન્ય કામ જેવાકે સફાઈકામ, સાઈટ પરના વાહનો ચલાવવા, ડીપાર્ટમાં કોઈ પણ પ્રકારનું કાર્ય કરવું જેવાનો સમાવેશ થાય છે. અહી ચણતરના કામ માટે મોટાભાગે ગુજરાતના અને મધ્યપ્રદેશના લોકો સંકળાયેલા છે, જયારે સેન્ટીંગ કામ કરવા માટે બિહાર અને યુપીના લોકો વધુ સંકળાયેલા છે.
- બાંધકામ સાથે સંકળાયેલા 65% શ્રમિકો આદિવાસીઓ છે, ગુજરાતના દાહોદ, ગોધરા, લીંબડી, ઝાલોદ વિસ્તારના લોકો અને મધ્યપ્રદેશના ઝાબવા અને થાંદલા વિસ્તારના લોકો વધુ સ્થળાંતર થાય છે. ઘણા અંતરયાળ વિસ્તારના શ્રમિકો હતા જેમને જાતિ શું છે તેનાથી અજાણ હતા.
- 91% શ્રમિકો પાસે પોતાના આધારકાર્ડ હતા. 9% શ્રમિકો પાસે આધારકાર્ડ ન હતા.
- 12% શ્રમિકો પાસે જોબકાર્ડ હતો, 88% શ્રમિકો પાસે જોબકાર્ડ નથી.
- 1% શ્રમિકો પાસે મા કાર્ડ છે, 99% શ્રમિકો પાસે માકાર્ડ ન હતો. કારણકે તેઓ આ કાર્ડ શું છે તેઓ બાબતથી અજાણ હતા. શ્રમિકોમાં સરકારની યોજના વિષે જાગૃતિનો અભાવ છે.
- 53% શ્રમિકો પાસે ચુંટણી કાર્ડ હતો, 47% શ્રમિકો પાસે ચુંટણી કાર્ડ ન હતો. કારણકે થોડા શ્રમિકોએ પોતાનો ચુંટણી કાર્ડ બનાવ્યો નથી અને થોડા શ્રમિકોના કાર્ડ ખોવાઈ ગયા છે.
- 56% શ્રમિકો પાસે રેશનકાર્ડ ગામમાં હતો. 44% શ્રમિકો પાસે રેશનકાર્ડ ન હતો. કારણ કે રેશનકાર્ડ હજી પણ કુટુંબના લોકો સાથે છે પરિવાર દીઠ અલગ કરાવ્યો નથી. રેશનકાર્ડ બંધ કરવામાં આવ્યા છે.
- શ્રમિકો પાસે જમીન છે કે નહિ તે સંદર્ભે માહિતી મેળવવામાં આવી. જેમાં, 68% શ્રમિકો પાસે જમીન છે અને 32% શ્રમિકો પાસે જમીન ન હતી. 68% શ્રમિકો પાસે જમીન છે
- કોષ્ટક 9.1 મુજબ અભ્યાસમાં આવરી લીધેલા 68% શ્રમિકો પાસે જમીન છે. કોષ્ટક 9.3 મુજબ ઓછામાં ઓછી 57% શ્રમિકો 1 થી 5 એકર જમીન ધરાવે છે. કોષ્ટક 9.4 મુજબ 95.5% લોકો જમીન ભાડે આપતા નથી અને આ જમીન જાતે કરે છે. આ મુજબ તેમની જમીન ઉપજો માંથી કેટલી વાર્ષિક આવક થાય છે જેથી શ્રમિકોને પોતાના વતનથી પલાયન થવું પડે છે. કોષ્ટક 9.5 ને જોતા જણાય

NAVSARJAN XCHD

છે કે 70.6% શ્રમિકોને 1 થી 20 હજાર ખેત ઉપજની વાર્ષિક આવક છે. 12.8% જેટલા શ્રમિકોને 21 થી 40 હજાર આવક છે, 9.1% શ્રમિકોની 41 થી 60 હજાર આવક, 2.7% શ્રમિકોને 61 થી 80 હજાર વાર્ષિક આવક, 1.8% શ્રમિક છે જેમને કોઈ આવક જ નથી અને તેમને બાહ્ય મજુરી પર આધાર રાખવું પડે છે. 68% શ્રમિકો પાસે જમીન છે પરંતુ શ્રમિકો જે સમાજ માંથી આવે છે ત્યાં સામાજિક પ્રસંગો ખુબજ ખર્ચાળ છે. જમીન હોવા છતાં ખેતની ઉપજ પરિવાર પુરતી માર્યાદિત છે. ખેતી કરવા માટે સિંચાઈની અછત છે. લોકોનું દેવું વધી ગયું હોય એ ઉતારવા, બાળકોના શિક્ષણ અને લગ્ન માટેના ખર્ચને પોહચી વળવા માટે તેઓ શહેરમાં કામધંધા અર્થે આવે છે.

- બાંધકામ સાઈટ પર 53.1% શ્રમિકો શેઠ અને ઠેકેદારો સાથે શહેરમાં કામ કરવા માટે આવે છે.
- બાંધકામ સાઈટ પર કામ કરતા 160 શ્રમિકો માંથી કોઈ પણ વ્યક્તિનો વ્યક્તિગત વીમો કરાવવામાં આવેલ નથી.
- બાંધકામ સાઈટ પર શ્રમિકોને સાઈટની બાજુમાં જ કામચલાઉ રહેઠાણ વ્યવસ્થા કરવામાં આવી હતી જે દરેક શ્રમિક માટે પુરતી ન હતી. થોડા લોકો અલગ તાડપત્રી બાંધીને રહેતા હતા. જ્યાં સાઈટનું બાંધકામ 5 થી 6 માળનું બની ગયું હોય ત્યાં લોકો આવાસના પહેલા કે બીજા માળે રહેવા માટે જતા રહે છે.
- સાઈટ પર 31.8% શ્રમિકો 8 કલાક કામ કરે છે, 50% શ્રમિકો 9 કલાક કામ કરે છે, 17.5 % શ્રમિકો 10 થી 12 કલાક કામ કરે છે. આ ક્ષેત્રમાં કામના કલાકમાં ઘટ થતી નથી પરંતુ કામ પૂર્ણ કરવા માટે વધુ સમય આપવો પડે છે. અથવા જુદા જુદા બહાના થકી શ્રમિકો પાસે વધુ કામ કરાવી લેવામાં આવે છે.
- દરેક સાઈટ પર શ્રમિકોની કુશળતા મુજબ નક્કી કરેલ વેતન આપવમાં આવે છે. શ્રમિકોને બાંધકામ સાઈટ પર ચણતર મજુર પુરુષોને 350 અને સ્ત્રીઓને 300 સુધી મહેનતાણું આપવામાં આવે છે. ચણતર મિસ્ત્રીના કામની આવડત મુજબ 500 થી 700 સુધી વેતન ચુકવવામાં આવે છે. સેન્ટીંગ કરનાર શ્રમિકને તેમના કામની આવડત મુજબ 300 થી 800 સુધી વેતન આપવામાં આવે છે. સ્લેબ ભરવાનું કામ કરનાર સ્ત્રી અને પુરુષ બંનેને 300 રૂ. આપવામાં આવે છે. ટાઈલ્સ બેસાડનાર સ્ત્રી પુરુષને 300 રૂ. થી 350 રૂ. સુધી મજુરી આપવામાં આવે છે. હેલ્પરને 250 થી 300રૂ. મજુરી આપવામાં આવે છે. સાઈટ પર પાણી છાંટનારને 300 રૂ. મજુરી આપવામાં આવે છે. ઇલેક્ટ્રિશયન, ટ્રેક્ટર ચલવનાર, વોચમેન, પ્લમ્બર ને માસિક રકમ નક્કી કરવામાં આવે છે અને તે મુજબ તેમને વેતન ચુકવવામાં આવે છે. દરેક બાંધકામ સાઈટ પર સ્ત્રીઓની મજુરીનું વેતન 300 ગણવામાં આવે છે જયારે પુરુષોનું 350 દિવસની મજુરી ગણવામાં આવે છે.
- શ્રમિકો સવારથી લઈ રાત્રે 11 થી 12 વાગ્યા સુધી ઓવર ટાઈમ કરે તો તેમને આખા દિવસની અડધી મજુરી આપવામાં આવે છે. કામના 8 કલાક થી વધુ 2 કલાક કામ કરે તો શ્રમિકોને આખા દિવસની મજુરી સાથે 2 કલાક મુજબ 100 રૂ. વેતન આપવામાં આવે છે.

NAVSARJAN XCHD

- મોટાભાગના 84% શ્રમિકો ખર્ચી અને માસિક વેતન લે છે. દરેક શ્રમિક પોતાના વ્યક્તિગત ખર્ચ માટે ઉપાડ લે છે અને જે બાકી રકમ બચે તેને માસના અંતે વેતન મેળવે છે.

- કોન્ટ્રાકટર દ્વારા શ્રમિકોને સુરક્ષાના સાધનો આપવામાં આવ્યા છે એવું જણાવવામાં આવે છે પરંતુ ખરેખર તેમને સુરક્ષાના સાધનો આપવામાં આવતા નથી. શ્રમિકો દ્વારા કોન્ટ્રાકટર પાસે સુરક્ષાના સાધનો માંગવામાં આવે છે છતાય આપવામાં આવતા નથી.
- બાંધકામ સાઈટ પર સ્ત્રી અને પુરુષો માટે અલગ બાથરૂમ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેથી સ્ત્રીઓને સવારમાં જલ્દી ઉઠીને બાથરૂમ અને શૌચાલયનો ઉપયોગ કરી લે છે જેથી તેમને સવાર થતા શરમજનક અનુભવ ન થાય. કારણકે આજ બાથરૂમ અને શૌચાલયનો ઉપયોગ પુરુષો કરે છે. ઘણી બાંધકામ સાઈટ પર ખુલ્લા બાથરૂમો બનાવવામાં આવ્યા છે. જેનો ઉપયોગ સ્ત્રી અને પુરુષ બંને કરે છે.
- બાંધકામ સાઈટ પર 6 થી 7 બાળકોને ઘોડીયા ઘરની જરૂર હોય છતાય ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી. શ્રમિકના નાના બાળકને ખવડાવવા માટે અલગ રૂમ કે વધારાનો સમય આપવામાં આવતો નથી. એક બાજુ કામ ચાલુ રાખવામાં આવે છે સ્ત્રી તેના બાળકને ખવડાવી તરત જ કામ પર લાગી જાય છે. બાળકને શ્રમિકો કાપડાની ઝોળી બાંધી સુવડાવવામાં આવે છે આ બાબતે કોન્ટ્રાકટરનું ધ્યાન ધોરવામાં આવે છે છતાય આંખ આડા કાન કરવામાં આવે છે.
- બાંધકામ સાઈટના કામ સાથે સંકળાયેલા લોકો પોતાના બાળકોના શિક્ષણ પ્રત્યે થોડા જાગૃત થયા હોય એવું જણાય છે. તેઓ અભ્યાસ કરતા બાળકોને પોતાની સાથે સાઈટ પર લાવતા નથી અને ગામમાં પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે ઘરના અન્ય સભ્યો સાથે મૂકી આવે છે. શ્રમિક વર્ગમાં ધોરણ 10 થી 12 માં અભ્યાસ કરતા હોય એવા માત્ર 2.7 % જ છે. બાળકોને ફરજીયાત શિક્ષણ મુજબ ધોરણ 8 કે 10 સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. પરંતુ વાત જયારે ઉચ્ચ શિક્ષણની આવે ત્યારે તેનું પ્રમાણ ખુબ નીચું છે. શ્રમિકો પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવી શકતા નથી.

**11. ભલામણો:**

- સુરત શહેરમાં રોજબરોજ હજારોની સંખ્યામાં સ્થળાંતરીતો આવે છે અને જાય છે તેમના માટે રેન્ટલ હાઉસ શહેરમાં આવેલ ઉદ્યોગો નજીક બનાવવું જોઈએ જેથી સ્થળાંતરીતો ત્યાં નિવાસ કરી શકે.
- સુરતમાં સ્થળાંતરીત શ્રમિકો માટે રેન બસેરાને સક્રિય કરવા અને નવા રેન બસેરા બનાવવા માટે એસ.એમ.સી. ને ભલામણ કરવી.
- દરેક સ્થળાંતરીતોની નોધણી કરાવવી જોઈએ અને આ ડેટા લેબર ડીપાર્ટમેન્ટ પાસે રહે.
- દરેક રાજ્ય પોતાના રાજ્યના સ્થળાંતરીતો માટે જે યોજનાઓ બહાર પાડે છે તે જ યોજનાઓ અન્ય રાજ્યના સ્થળાંતરીત શ્રમિકો માટે પણ લાગુ કરવી જોઈએ.

NAVSARJAN XCHD

- સિટી લેવલે હેપ્લ ડેસ્ક ઉભું કરવું જેથી શ્રમિકો પોતાની સમસ્યાના નિવારણ માટે આ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકે.
- શ્રમિકોને મળતા લાભ વિશે જાહેર સ્થળો પર બેનર કે હોડીંગ્સ દ્વારા જાગૃતિ ફેલાવવી. દરેક લોકો લાભ મેળવતા થાય તે સંદર્ભે પ્રયાસ કરે જેની જવાબદારી બાંધકામ શ્રમિક બોર્ડ લે.
- બાંધકામ સાઈટ પર લેબર ડીપાર્ટમેન્ટ દ્વારા અવારનવાર વિઝીટ કરવામાં આવે અને સાઈટ પર શ્રમિકોના પ્રશ્નોનું નિરીક્ષણ કરી, નિરાકરણ માટે પ્રયત્ન કરે.
- બાંધકામ શ્રમિક બોર્ડ અને લેબર ડીપાર્ટમેન્ટ સાથે મળી શહેરમાં સ્થળાંતરિત શ્રમિકોના બાળકોના અભ્યાસ માટે ગ્રામ્ય સ્તરે હોસ્ટેલ સુવિધા ચલાવવામાં આવે છે, એવી જ રીતે શહેરમાં બાંધકામ શ્રમિક બોર્ડ અને લેબર ડીપાર્ટમેન્ટ સાથે મળી શહેરમાં અલગ શાળા અને હોસ્ટેલની સુવિધા કરે, અથવા સ્થાનીય સરકારની કોઈ એક સરકારી શાળા સાથે સંકલન કરી હોસ્ટેલની સુવિધા શ્રમિકોના બાળકોને આપવામાં આવે.
- નોધાયેલા શ્રમિકો અથવા નોધણી થઈ નથી એવા લોકો માટે વ્યવસાયિક તાલીમ માટે વ્યવસ્થા કરવી.
- બાંધકામ શ્રમિક બોર્ડ દ્વારા આવાસીય યોજના શરૂ કરવામાં આવેલ છે તે ફક્ત સ્થાનીય સરકારના આવાસમાં હોય તેઓ જ મેળવી શકે છે જેથી આ યોજનાનો લાભ જેમની પાસે આવાસ નથી તેમને આપવો જોઈએ.
- રોમિંગ રેશનકાર્ડની શક્યતાઓ પણ તપાસ્વી જોઈએ.

**12. પડકાર :**

- સરકારી વિભાગો માંથી સરકારી બાંધકામ સાઈટની કામગીરી ચાલતી હોય એવા સ્થળની માહિતી આપવામાં આવતી નથી.
- સરકારી સાઈટ પર શ્રમિકોનો અભ્યાસ કરવા માટે અધિકારીઓ પરમીશન આપતા નથી અને ધક્કા ખવડાવે છે.
- બાંધકામ સાઈટમાં અમુક શ્રમિકો સરળતાથી વાતચીત કરે છે, અમુક શ્રમિકો વાતચીત કરવા માટે અચકાય છે.
- બાંધકામ સાઈટ પર એક મહીને અથવા દોઢ મહીને કામ મુજબ બદલાતા રહે છે જેથી તેમની સાથે વધુ લાંબાગાળાનું કામ કરવું મુશ્કેલ ભર્યું છે.

NAVSARJAN XCHD

## 13. બાંધકામ શ્રમિકો માટે યોજના અને મળવા પાત્ર સહાય

| ક્રમ | યોજના | સમય મર્યાદા | અરજી કોને આપવી | મળવા પાત્ર સહાય |
|---|---|---|---|---|
| 1 | શિક્ષણ સહાય યોજના | શ્રમિક તરીકે નોધાયેલા હોવા જોઈએ.<br>શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મળ્યાના 90 દિવસમાં લાભ મળી શકશે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | ધો- 1 થી 4 માં 500/-<br>ધો-5 થી 9 માં 1000/-<br>ધો-10 થી 12 માં 2000/- હોસ્ટેલ સાથે 2500/-<br>વધુ અભ્યાસ માટે કોર્ષ મુજબ નક્કી કરેલી સહાય મળવાપાત્ર છે. |
| 2 | પ્રસુતિ સહાય યોજના(બે પ્રસુતિ સુધી)(નોંધાયેલ મહિલા શ્રમિક) | 1.પ્રસુતિ પહેલા – પ્રસુતિના સાતમાં મહિનામાં આપવામાં આવશે.<br>૨. પ્રસુતિ બાદ-પ્રસુતિ થયાની તારીખથી ૬ મહીનાની અંદર મળવા પાત્ર છે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | પ્રસુતિ પહેલા-12500/-<br>પ્રસુતિ બાદ-15000/-<br>કુલ 27500/- મળવા પાત્ર છે. |
| 3 | પ્રસુતિ સહાય યોજના (બે પ્રસુતિ સુધી )(નોંધાયેલ શ્રમિક) | પ્રસુતિ થયાની તારીખથી 6 મહિનાની અંદર અરજી કરવી. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | 5000/- મળવા પાત્ર છે. |
| 4 | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના (બે પ્રસુતિ દીઠ પ્રથમ દીકરી માટે.) | પ્રસુતિ થયાની તારીખથી 1 વર્ષની અંદર અરજી કરવાની રહેશે. | જીલ્લા નાયબ/સહાયક નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | 10,000/- મળવા પાત્ર છે. |
| 5 | શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના | આવાસનો ફાળવણી પત્ર મળ્યાની તારીખથી 1 વર્ષની અંદર મળવા પાત્ર છે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | 1,60,000/- |
| 6 | આકસ્મિક મૃત્યુ સહાય | નોધણી થયેલી હોવી જોઈએ, દર વર્ષે નોધણી રિન્યુ થયેલી હોવી જોઈએ. | જીલ્લા નાયબ/સહાયક નિયામક, ઔદ્યોગિક સલામતી અને | આકસ્મિક મૃત્યુ માં 3,00,000/- |

NAVSARJAN XCHD

| | | | | |
|---|---|---|---|---|
| | યોજના(લાભાર્થી ના વારસદારને) | શ્રમિકનું મૃત્યુ થયાના તારીખથી 1 ત્રણ માસની સમય મર્યાદામાં અરજી કરવી. | સ્વાસ્થ્યની કચેરી, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | કાયમી અશક્તતા – 1,00,000/- |
| 7 | અંત્યેષ્ટી સહાય યોજના | શ્રમિકનું મૃત્યુ થયાના તારીખથી 6 મહિનાની અંદર અરજી કરવાની રહેશે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | 7000/- |
| 8 | હાઉસિંગ સબસીડી યોજના | 1 વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | 1,00,000/- (પાંચ વર્ષ સુધી દર વર્ષ 20,000/- |
| 9 | વ્યવસાયિક રોગોમાં સહાય | શ્રમિક તરીકે નોધાયેલા હોવા જોઈએ, ત્રણ વર્ષે નોધણી રીન્યુ થયેલી હોવી જોઈએ, સીલીકોસીસ સહીત 23 પ્રકારના વ્યવસાયિક રોગોનો સમાવેશ થયો છે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | મહતમ રૂ. 3 લાખની મર્યાદામાં મળશે. દર માસે રૂ.1500 મળવા પાત્ર છે.<br>90 થી 100 ટકા વિકલાંગતામાં 3000/- સુધી ની સહાય મળવા પાત્ર છે. |
| 10 | શ્રમિક અન્નપૂર્ણા યોજના | નોધાયેલા બાંધકામ શ્રમિકો અને યુ વિન કાર્ડ ધારક અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને માત્ર રૂ.10/- માં સાત્વિક ભોજન | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | શ્રમિકોને માત્ર રૂ.10/- માં ભોજન |
| 11 | મેડીકલ હેલ્થ યુનિટ (ધનવંતરી આરોગ્ય રથ) | બાંધકામ સાઈટની શ્રમિક વસાહતો પર વિના મુલ્યે પ્રાથમિક તબીબી સારવાર લેબોરેટરી ટેસ્ટ અને દવા પૂરી પાડવામાં આવે છે. | જીલ્લા પ્રોજેક્ટ મેનેજર, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ | વિના મુલ્યે પ્રાથમિક તબીબી સારવાર |

NAVSARJAN XCHD

**14. સંદર્ભ સૂચી: Reference:**


1. “સિઝનલ માઈગ્રેશન ઈન સર્ચ ઓફ લાઈવલી હૂડ”, 2021. - જેમ્સ. સી. ડાભી
2. “ઉમીદો કા હો એક આશિયાના” 30 ડીસેમ્બર 2019. - “પ્રયાસ સેન્ટર ફોર લેબર રીસર્ચ એન્ડ એક્શન”.
3. “માઈગ્રેશન એન્ડ ડેવલોપમેન્ટ સ્ટડી ઓફ રૂરલ ટુ અર્બન ટેમ્પરરી માઈગ્રેશન ટુ ગુજરાત” 2014. - ઇન્દિરા હિરવે, ઉદયભાન સિંઘ એન્ડ રાજીવ શર્મા.
   http://nirdpr.org.in/nird_docs/srsc/srsc-rr-090518-6.pdf
4. “રીપોર્ટ ઓફ ધ વોર્કિંગ ગ્રુપ ઓન માઈગ્રેશન” જાન્યુઆરી 2017- મીનીસ્ટ્રી ઓફ લેબર એમ્પ્લોયમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા.
   https://mohua.gov.in/upload/uploadfiles/files/1566.pdf
5. સેન્સસ ઓફ 2001 :
   https://censusindia.gov.in/Data_Products/Data_Highlights/Data_Highlights_link/data_highlights_D1D2D3.pdf
6. માઈગ્રેશન ડેટા 2011 :
   https://censusindia.gov.in/2011census/migration.html
   https://censusindia.gov.in/2011census/d-series/d-11.html


NAVSARJAN XCHD

# બાંધકામ સાઈટના ફોટા



આઈ ટી આઈ સાઈટ, મજુરા ગેટ



સુમનપાર્થ સાઈટ, અલથાણ ભટાર



આંજણા ટેનામેન્ટ, આંજણા



સુમનપાર્થ સાઈટ, અલથાણ ભટાર















